**આજનો સુવિચાર**

લાંબા પ્રવાસનો પ્રારંભ પણ નાના પગલાથી જ થાય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ



દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૪ જૂનાગઢ તા.૧૩-૧૦-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 254, Junagadh : Date : 13 October, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## બીગ-બી, રજનીકાંત, આકાશ અંબાણી સહિત ૨૦૦ વીવીઆઈપી મેચ નીહાળશે


અમદાવાદ તા. ૧૩

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શનિવારે યોજાનારા ભારત-પાકિસ્તાન મેચના રોમાંચક મુકાબલાને માણવા બોલિવૂડ સેલિબ્રિટિઝ, જાણીતા ઉદ્યોગતિઓ, કોર્પોરેટ્સ, સ્પોન્સર્સ સહિત આવતીકાલ શુક્રવારથી ચાર્ટર્ડ વિમાનોની લઈને અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન શરૂ થઈ ગયું છે. હાઈવોલ્ટેજ મેચને લઈ અમદાવાદ એરપોર્ટ પર ૨૦૦ જેટલા વીઆઈપીઓનો જમાવડો રહેશે. એરપોર્ટ પર શુક્રવારે ૨૦ અને શનિવારે ૮૦ એમ કુલ ૧૦૦ જેટલા ચાર્ટર્ડ ફલાઈટોની આવનજાવનથી એર ટ્રાફિકથી એરપોર્ટ વ્યસ્ત રહેશે. જો કે મુંબઈ,દિલ્હી, ચેન્નાઈ, પૂણે સહિત વિવિધ જગ્યાએથી આવનાર વીઆઈપીઓની કેટેગરી મુજબ અમદાવાદ એરપોર્ટ ખાતે પાર્કિંગ માટે પ્રાયોરિટી અપાશે પણ સુત્રોએ જણાવ્યું કે ૧૪ ઓકટોબરે મોટાભાગના ચાર્ટર્ડ વિમાનો મહાનુભાવોને ઉતારી નજીકના એરપોર્ટ પર પાર્ક કરી આવનજાવન કરશે.

## બાઅદબ, બામુલાહિઝા.. હોંશિયાર... આવતીકાલે ભારત - પાક. ક્રિકેટ જંગ




અમદાવાદ,તા.૧૩

આવતીકાલે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે વર્તમાન વન-ડે વર્લ્ડ કપની મેચનો સૌથી રોમાંચક મુકાબલો થવા જઈ રહયો છે. ભારત - પાક. વચ્ચે હાઈવોલ્ટેજ ક્રિકેટ જંગ ખેલાશે જેના માટે સમગ્ર દેશમાં અભૂતપૂર્વ ક્રિકેટ ફિવર વ્યાપી ગયો છે. ભારતમાં રમાઈ રહેલા વર્લ્ડકપમાં ઓપનીંગ સેરેમની નહી રાખવા બદલ ભારે ટીકા બાદ ભારતીય ક્રિકેટ બોર્ડે સરપ્રાઈઝ આપ્યું છે. આવતીકાલે અમદાવાદમાં ભારત-પાકિસ્તાન વચ્ચેનાં હાઈ વોલ્ટેજ મુકાબલા પુર્વે ખાસ સેરેમની જાહેર કરવામાં આવી છે તેમાં શંકર મહાદેવન, અરીજીતસિંહ જેવા બોલીવુડ સીંગરો પરફોર્મ કરશે. ભારત પાકિસ્તાન વચ્ચેના મેચ માટે માત્ર અમદાવાદ કે ગુજરાતમાં જ નહિં દેશ -વિદેશમાં રોમાંચ-ઉતેજના છે.મેચ પુર્વે ક્રિકેટ બોર્ડ દ્વારા માર્ગદર્શીકા જાહેર કરવામાં આવી છે અને તેમાં આ સરપ્રાઈઝ જાહેર કરવામાં આવ્યું છે. ક્રિકેટ બોર્ડે સતાવાર રીતે કહ્યુ કે મેચના પ્રારંભ પુર્વે ૧૨-૩૦ વાગ્યાથી નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ઓપનીંગ સેરેમની યોજાશે.

## અમદાવાદ એટલે અમદાવાદ ! અભૂતપૂર્વ ક્રિકેટ ફિવર : યુવતિઓમાં ટેટુનો જબરો ક્રેઝ





અમદાવાદ તા.૧૩

અમદાવાદમાં ક્રિકેટ વર્લ્ડ કપનો ફીવર જામ્યો છે. મેચની ટિકિટ મળે કે ન મળે પણ લોકોના ઉત્સાહમાં કોઈ કમી નથી આવી. તેમાં પણ પહેલા ભારત-પાકિસ્તાન વચ્ચેની વર્લ્ડ કપની દિલધડક મેચ અને પછી નવરાત્રિની શરૂઆત. અમદાવાદના યુવાનો ઉત્સાહથી તરબોળ જોવા મળી રહ્યા છે. યુવાઓ અલગ અલગ રીતે પોતાની ખુશી વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે હવે યુવાઓમાં ટેટૂનો પણ જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે.

ક્રિકેટ મેચ જોવા યુવાનો જેટલા ઉત્સાહિત હોય છે તેટલી જ યુવતીઓ પણ ઉત્સાહિત હોય છે. સ્ટેડિયમ પર મેચ જોવા યુવતીઓ મોટી સંખ્યામાં આવે છે. તો ઉત્સાહિત યુવતીઓએ ભારતીય ટીમને સપોર્ટ કરવા ટેટૂ પણ બનાવ્યા છે. અમદાવાદમાં આજકાલ ટેટૂ આર્ટિસ્ટો અન્યંત વ્યસ્ત જોવા મળી રહ્યા છે. યુવતીઓમાં વર્લ્ડ કપની થીમ પર ટેટૂ બનાવવા માટે જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે.

## કિલર હાઈ-વે : ભારતનાં ધોરીમાર્ગો પર દર ૩ મિનિટે એક વ્યકિતનું મોત


નવી દિલ્હી, તા.૧૩ઃ ભારતમાં ૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં મરણ પામેલા લોકોની સંખ્યા ઓલ ટાઈમ હાઈ ૧.૬૮ લાખ થઈ ગઈ છે. તેનો અર્થ એ થયો કે રોજના ૪૬૨ અથવા દર ૩ મીનીટે એક વ્યકિત માર્ગ અકસ્માતમાં મરે છે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય બધા રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રોડ અકસ્માત, તેના કારણે થતા મોત અને ઘાયલોની સંખ્યાઓના આંકડા ભેગા કરીને પ્રકાશિત કરે છે જે હજુ જાહેર થવાના બાકી છે. સુત્રોએ કહ્યું કે માર્ગ અકસ્માતમાં મૃત્યુમાં ઉછાળો એ ધ્યાનમાં લેવા જેવો મુદ્દો છે કેમ કે ભારતે ૨૦૩૦ સુધીમાં રોડ અકસ્માતમાં મૃત્યુને ૫૦ ટકા ઘટાડવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે.

આંકડાઓની સરખામણી દર્શાવે છે કે ૨૦૨૨ રોડ અકસ્માતમાં મોત ૨૦૨૧ની સરખામણીમાં લગભગ ૯ ટકા અને કોરોના મહામારી પહેલાના વર્ષ ૨૦૧૯ કરતા ૧૧.૫ ટકા વધારે છે.

## ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી ધર્મ અને અધર્મ વચ્ચેની ચૂંટણી બનશે : જગતગુરૂ

કાનપુર,તા. ૧૩ : આગામી વર્ષ ૨૦૨૪ની ચૂંટણી પણ સનાતન ધર્મના રૂપમાં થશે અને આ વખતે પણ ભાજપની સરકાર બનશે. જનતા ફરી એકવાર ભાજપને પૂર્ણ બહુમતીથી વિજયી બનાવશે. આ પછી ફરી એકવાર વડાપ્રધાન મોદી બનશે. જગતગુરુ રામભદ્રાચાર્યએ કાનપુરના શ્યામનગરમાં એક ખાનગી સ્થળે આયોજિત પત્રકાર પરિષદમાં પત્રકારો સાથે સંવાદ કરતા આ વાત કહી હતી. જગતગુરુ રામભદ્રાચાર્યએ કહ્યું કે આ નિર્ણય પહેલા જ લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪ની ચૂંટણી જ નહીં, વિધાનસભાની ચૂંટણી પણ ધર્મ અને અધર્મ વચ્ચેની ચૂંટણી છે. આમાં ધર્મની જ જીત થશે. ફરી એકવાર સનાતન ધર્મ સમગ્ર દેશમાં પ્રભુત્વ જમાવશે. જયારે ઉધયનિધિએ સનાતન ધર્મને નાબૂદ કરવાની વાત કરી ત્યારે કોંગ્રેસમાંથી કોઈએ તેનો વિરોધ કર્યો ન હતો. નરેન્દ્ર મોદીએ જ બીનાની રેલીમાં તેનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. તેનાથી સ્થિતિ સ્પષ્ટ છે કે દેશમાં સનાતન ધર્મમાં માનનારાઓ જ સરકાર બનાવશે.

## ફુગાવો ઘટયો છતાં મોંઘવારીનું દબાણ રહેશે : સીતારામન



નવી દિલ્હી તા. ૧૩

ભારતમાં એક તરફ રીટેલ ફુગાવો છુટક મોંઘવારી દર ઓગષ્ટના ૬.૮૩%ની સરખામણીએ સપ્ટેમ્બર માસમાં ૫.૦૩ ટકા નોંધાતા હવે મોંઘવારીમાં હવે થોડી રાહતની શકયતા છે. તે સમયે જ નાણામંત્રી નિર્મલા સીતારામને દેશમાં ઘરેલુ માંગ, રોકાણ અને દેશના લોકોની ખરીદશક્તિ ઉંચી રહેતા અર્થતંત્રને પુરતુ ઈંધણ મળી રહેશે તેઓ વિશ્વાસ વ્યકત કરવાની સાથે સાવચેતીના સુરમાં એ પણ જણાવ્યુ છે. કેટલાક વૈશ્વિક તથા ક્ષેત્રીય અનિશ્ચિતતા અને ઘરઆંગણે પણ સર્જાઈ શકતા અર્થતંત્રને ખલેલ પહોંચાડતા પરિવારોના કારણે ફુગાવાનું દબાણ આગામી થોડા માસ યથાવત જ રહે તેવી શકયતા છે. નાણામંત્રીનો સીધો ઉલ્લેખ હાલમાં જ શરુ થયેલો છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો છે જેમાં હવે એક તરફ મહાસતામાં પોઝીશન બનાવી રહી છે તો બીજી તરફ આરબ રાષ્ટ્રો પણ હવે હમાસ-પેલેસ્ટાઈન પર ઈઝરાયેલની આક્રમકતા ઘટાડવા સક્રીય થયા છે. તેના પર હતો. નિર્મલા સીતારામને કહ્યું કે આ સ્થિતિમાં સરકાર અને રિઝર્વ બેંક દ્વારા અત્યંત સાવધાનીથી વર્તવાની જરૂર છે.

## વિમા કંપનીઓ પર ગાળિયો કસાયો : આઈટીએ રૂા. ૩૦હજાર કરોડની કરચોરીની નોટીસો ફટકારી

નવી દિલ્હી તા. ૧૩

દેશની વિમા કંપનીઓ તથા તેની સબસીડરી હજુ ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષની જાળમાંથી બહાર આવી શકી નથી ત્યાં જ આવકવેરા વિભાગે આ વિમા કંપનીઓને ખોટા ખર્ચ વૌચર સહિતની હિસાબી ગેરરીતિની રૂા.૩૦૦૦૦ કરોડ જેટલી કરચોરી કરી હોવા અંગે નોટીસ ફટકારતા વિમા ક્ષેત્રમાં જબરી અસર પડશે. ૨૦૧૭માં જીએસટી અમલમાં આવ્યા બાદ લગભગ ત્રણ વર્ષ એટલે કે ૨૦૨૦/૨૧ના વર્ષમાં ૩૦ જેટલી વિમા કંપનીઓ તથા તેની ૬૮ જેટલી પેટાકંપનીઓ જીએસટીના રડારમાં આવી હતી. ડિરેકટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલીજન્સ અને આઈટી ઈન્ટેલીજન્સે સંયુક્ત તપાસ કરી હતી. વિમા કંપનીઓ પર એ આરોપ છે કે તેણે જીએસટી છુપાવ્યા તેની સબસીડરીને મંજુરી કરતા વધુ કમીશન ચુકવ્યા અને તેની સામે ખોટા ખર્ચ વૌચર પણ મેળવ્યા હતા.

## ઈઝરાયેલ દ્વારા જમીની હુમલાની તૈયારી : ૧૧ લાખ લોકોને ૨૪ કલાકમાં ગાઝા ખાલી કરી દેવા આદેશ

નવી દિલ્હી તા. ૧૩ : ઈઝરાયલ - હમાસ વચ્ચે છેલ્લા ૭ દિવસથી ચાલી રહેલું યુધ્ધ હવે વધુ લોહિયાળ બને તેવી શક્યતા છે. હવે જમીન ઉપરનું યુધ્ધ ગમે ત્યારે શરૂ થવાની શક્યતા છે.

યુએનના પ્રવક્તાએ જણાવ્યું કે ઈઝરાયેલની સેનાએ શુક્રવારે ઉત્તરી ગાઝાના ૧૧ લાખથી લોકોને ૨૪ કલાકની અંદર છોડી દેવાનો નિર્દેશ આપ્યો છે. યુએનના પ્રવક્તા સ્ટેફન દુજારિકે કહ્યું કે આ આદેશથી 'વિનાશક માનવતાવાદી પરિણામો'નું જોખમ છે. આ આદેશ એવા સમયે આવ્યો છે જયારે ઈઝરાયલે હમાસ સામે બદલો લેવાની કાર્યવાહી તેજ કરી છે. આ આદેશનો તાત્પર્ય એ હોઈ શકે છે કે જમીની હુમલાઓ વધુ તીવ્ર થઈ શકે છે.

ઈઝરાયલની સેનાએ સ્વીકાર્યું છે કે તે ૭ ઓક્ટોબરે હમાસના હુમલાને રોકવામાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. ઈઝરાયલના આર્મી ચીફે કહ્યું- લોકોની સુરક્ષા કરવી સેનાનું કામ છે, પરંતુ અમે તેમાં નિષ્ફળ ગયા. આ આપણા માટે એક બોધપાઠ છે. હવે યુદ્ધનો સમય છે.

ઈઝરાયલે સંયુકત રાષ્ટ્ર (યુએન)ને મોટી કાર્યવાહી કરવા અને ગાઝામાં રહેતા પેલેસ્ટાઈનીઓને ૨૪ કલાકમાં બહાર કાઢવા માટે કહ્યું છે. યુએનના પ્રવક્તાએ કહ્યું છે કે આ વિસ્તારમાં ૧૧ લાખથી વધુ લોકો રહે છે. આ ગાઝાની અડધી વસ્તી છે. યુએનએ અપીલ કરી છે કે ઈઝરાયલ આ આદેશ પાછો ખેંચે.

હમાસે ઈઝરાયલના હુમલા સામે શુક્રવારે વિશ્વભરમાં વિરોધ પ્રદર્શન કર્યું છે. પેલેસ્ટિનિયનોને પશ્ચિમ કાંઠે અને પૂર્વ જેરુસલેમમાં અલ-અક્સા મસ્જિદ તરફ કૂચ કરવાનું કહેવામાં આવ્યું છે.

પેલેસ્ટિનિયનો આખો દિવસ અલ-અક્સા મસ્જિદમાં રહેશે. શુક્રવારની નમાજ માટે મોટી સંખ્યામાં લોકો અહીં પહોંચે છે. હમાસે તેમના સમર્થકોને ઈઝરાયલી સૈનિકોનો સામનો કરવા માટે મુક્ત લગામ આપી છે. ઈઝરાયલે વિદેશમાં રહેતા પોતાના નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરી છે.

## ગાઝામાં ૪ લાખથી વધુ લોકો વિસ્થાપીત : મૃત્યુઆંક ૪ હજારથી વધુ

જીનીવા, તા.૧૩ઃ હમાસ દ્વારા ઈઝરાયેલ પર સતત હુમલા બાદ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે સાતમો દિવસ છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ વધુ તીવ્ર બની રહ્યું છે. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર (યુએન) એ જણાવ્યું હતું કે ગાઝા પટ્ટીમાં ૪૨૩,૦૦૦ થી વધુ લોકોને હવે તેમના ઘર છોડીને ભાગી જવાની ફરજ પડી છે, કારણ કે ઈઝરાયેલ પેલેસ્ટીનિયન પ્રદેશ પર બોમ્બમારો ચાલુ રાખ્યો છે જેના કારણે સેંકડો ઘરો નાશ પામ્યા છે.

એએફપીના અહેવાલ મુજબ, યુએન માનવતાવાદી એજન્સીએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગત મોડી રાત્રી સુધી ગાઝામાં વિસ્થાપિત લોકોની સંખ્યા ૮૪,૪૪૪ વધીને ૪૨૩,૩૭૮ થઈ ગઈ છે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૪ હજારથી વધુ લોકોના મોત થયા છે. આ આતંકવાદી હુમલામાં ૧,૩૦૦ થી વધુ ઈઝરાયલી માર્યા ગયા છે, જેમાં નાગરિકો અને સૈનિકોનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૩ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. જયારે ગાઝામાં પણ ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૫૦૦થી વધુ પેલેસ્ટાઈનોએ જીવ ગુમાવ્યા છે. હુમલા પછી, હમાસે ૧૫૦ થી વધુ ઈઝરાયેલ લોકો અને કેટલાક વિદેશીઓને બંધક બનાવ્યા છે અને ગાઝા પટ્ટીમાં સુરંગોની અંદર રાખ્યા છે. જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. હમાસે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવતા દરેક હવાઈ હુમલાના બદલામાં દરેક બંધકને મારી નાખવાની ધમકી આપી હતી.

## સરયુ વિસ્તારને ડુબ વિસ્તાર જાહેર કરાતા અયોધ્યામાં યુપી સરકાર વિરૂધ્ધ સંતોનો આક્રોશ

લખનૌ તા. ૧૩

અયોધ્યાના મણિરામ દાસ છાવણીના ઉત્તરાધિકારી મહંત કમલનયન દાસના નેતૃત્વમાં વાલ્મિકી ભવન ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરયુ વિસ્તારને ડૂબ વિસ્તાર તરીકે જાહેર કરવા અંગે યુપીની યોગી સરકાર સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. સંતોનું કહેવું છે કે તેમની જમીનને ફ્રી હોલ્ડ જાહેર કરવી જોઈએ. જો કે આ અંગે જિલ્લા મેજીસ્ટ્રેટનું કહેવું છે કે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

**NIT® ટેકનીકલ કોલેજ**

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં શિક્ષણ
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેશનથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબલેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



**ઉધઈથી બચો..**

૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.

સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# વણઝારી ચોક ગરબી મંડળ દ્વારા તડામાર તૈયારી



## સુંદર આયોજન પાંચ ગૃપમાં રમશે બાળાઓ

(પ્રતિનિધી દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના મધ્યે આવેલ વણઝારી ચોક ખાતે નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. શ્રી વણઝારી ચોક ગરબી મંડળના સંચાલક કિશોરભાઈએ જણાવ્યું છે કે, આ નવરાત્રી મહોત્સવમાં ૧૬૦ નાની મોટી બાળાઓ ભાગ લેશે. આ ગરબી નવાબી કાળની ૮૦ વર્ષ જુની પ્રાચીન ગરબી છે. બાળાઓ પાસેથી કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી. ભુવારાસ, સળગતી, હીંડોળી, સાડી રાસ, પટેલ-પટલાણી રાસ, વીંછુડાનો રાસ, ટીપલી રાસ, સ્કેટીંગ ઉપર રાસ, મહીસાસુર વધનો રાસ સાથે નવા રાસોની રમઝટ બોલશે. દશેરાએ હવન, લાણી, ત્યાર બાદના રવિવારે સવારથી સાંજ દરમ્યાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસ મધુરમ બાયપાસ મેલડી માતાજીના દર્શન અને ત્યાર બાદ શ્રી વલ્લભ ગૌશાળા વાડલા મુકામે આખો દિવસ જમણવાર, લાણી સહિતના કાર્યક્રમો યોજાશે. (તસ્વીર : ધીરૂ સોની)

# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારાયું

## વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે

(પ્રતિનિધી દ્વારા) ગાંધીનગર તા.૧૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી નેશંલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અન્વયે આ નિર્ણયો મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવ્યા હતા.

શિક્ષણમંત્રી કુબેરભાઇ ડીંડોર, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયા, મુખ્ય સચિવ રાજકુમાર તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન અને વરિષ્ઠ સચિવોની યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા પ્રેઝન્ટેશન અને રજુઆતો સંદર્ભે સમીક્ષા હાથ ધરીને જે નિર્ણયો કર્યા છે તેમાં,

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની તમામ વિષયોની પુનઃપરીક્ષા જુન/જુલાઈ માસમાં યોજવા. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ પોતાનું પરીણામ સુધારવા ઈચ્છે તો તમામ વિષયોની અથવા તે ઈચ્છે તેટલા વિષયોની પુનઃ પરીક્ષા આપી શકશે. બન્ને પરીક્ષામાંથી જે પરીક્ષાનું પરીણામ વધારે હશે (Best of Two) તે ગ્રાહ્ય રાખવામાં આવશે.

ધો-૧૦ માં હાલ અનુર્તીણ થયેલ વિદ્યાર્થીઓ માટે બે વિષયોની પુરક પરીક્ષા લેવાય છે તેના બદલે ત્રણ વિષયોની પુરક પરીક્ષા લેવાશે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં હાલ અનુર્તીણ થયેલ વિદ્યાર્થીઓ માટે એક વિષયની પુરક પરીક્ષા લેવાય છે તેના બદલે બે વિષયોની પુરક પરીક્ષા લેવાશે.

ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ હાલ ૨૦ ટકા છે તેને બદલે ૩૦ ટકા અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૮૦ ટકાને બદલે ૭૦ ટકા કરવામાં આવશે એટલું જ નહિં વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા MCQ (0MR) યથાવત રાખવા તેમજ ૫૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ આપવાનો નિર્ણય પણ આ બેઠકમાં કરવામાં આવ્યો હતો.

આ નિર્ણયોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા આ સંદર્ભના જરૂરી ઠરાવો બહાર પાડવામાં આવ્યા છે.

# નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા આગામી નવરાત્રી અને નવા વર્ષે સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

શ્રી આણંદજી ઓધવજી ઓઝા તથા શ્રી શામજી રૂગનાથ ઓઝા, શ્રી લાલજી દામજી ઉપાધ્યાય સંસ્કાર કેન્દ્ર વાડી, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી નવરાત્રી અને નવા વર્ષના સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામા આવેલ છે.

**નવરાત્રી મહોત્સવ** : દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ નિમીત્તે એક દિવસની આરતી તથા રાસ ગરબાનું તા.૧૫-૧૦-૨૦૨૩ને રવીવારે (પ્રથમ નોરતે) સૌ સાથે મળી સમુહ માં માતાજીની આરાધના કરવા માટે સાંજના ૭:૩૦ થી ૧૦:૩૦ કલાક સુધી જ્ઞાતિ ની વાડી ખાતે આયોજન કરવામાં આવેલ છે તો સર્વે જ્ઞાતિજનોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવેલ છે, ગરબા પછી અલ્પાહાર ની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ છે.

**નવા વર્ષે સ્નેહમિલનનો કાર્યક્રમ** : આગામી નૂતન વર્ષના મંગલ પર્વ પ્રસંગે જ્ઞાતિના વડીલ મુરબ્બી શ્રી દુધીબેન ભાનુશંકર દવેના અધ્યક્ષ સ્થાને તા.૧૪-૧૧-૨૦૨૩ને મંગળવારે સાંજના ૫ કલાકે સ્નેહમિલનનો કાર્યક્રમ જ્ઞાતિની વાડી ખાતે રાખવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને મહેમાન સાથે પધારવાનું સંસ્થા તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સ્નેહમિલન બાદ સમુહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે તો ઉપરોકત બન્ને કાર્યક્રમોમાં સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી જ્ઞાતિજનોને વિનંતી કરવામાં આવી છે. ઉક્ત કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ટ્રસ્ટી મંડળના સદસ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઈઝરાયલ-હમાસનું યુધ્ધમાં વિજ્ઞાન જાથાની કેન્ડલ માર્ચ : નિર્દોષ નાગરિકોને બંધક અને મોત સંબંધી સંવેદના વ્યકત કરતું વિજ્ઞાન જાથા



## જીવનનગરના રહેવાસીઓએ હમાસની ક્રુરતા, બર્બરતા સામે રોષ વ્યકત કર્યો : નિર્દોષ બાળકો, નાગરિકો સાથે અમાનવીય કૃત્યોની નિંદા કરતું વિજ્ઞાન જાથા : કોઈપણ દેશ આંતકવાદને ધિક્કારે છે

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૧૩

વર્તમાન સમયમાં ઈઝરાયેલ - હમાસનું યુધ્ધની ક્રુરતા - બર્બરતાની હકિકત માનવજાત માટે આલબેલ - ચિંતાનું કારણ બની ગયું છે. યુધ્ધના બંને પક્ષોમાં નિર્દોષ નાગરિકોને બંધક અને મોત સંબંધી સંવેદના વ્યકત કરવા ભારત જન વિજ્ઞાન જાથા અને જીવનનગર વિકાસ સમિતિએ કેન્ડલ માર્ચ યોજી અમાનવીય કૃત્યો બંધ થાય અને વધુ નાગરિકોના મોત ન થાય તે માટેની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. વિશ્વના કોઈપણ દેશોમાં યુધ્ધ માનવ સમાજ માટે ખતરારૂપ હોય બંધ થવા જોઈએ. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ હમાસે બંધક બનાવેલા નિર્દોષ નાગરિકો અને બાળકો સાથે અમાનવીય વ્યવહાર બંધ થવા જોઈએ. યુધ્ધમાં બંને પક્ષોએ માનવ જાતની રક્ષા કરવી જોઈએ. યુધ્ધ એ લોકોના જીવનમાં હિંસક વિક્ષેપ કરે છે. ઈઝરાયેલ, હમાસ, પેલેસ્ટાઈન, સીરીયા, રશિયા કે યુક્રેનના યુધ્ધોમાં હજારો લોકોના મોત, અપંગતા, ભુખમરો, બેઘર, રોજગારી, જીવનનું જોખમ સાબિત થયું હોય વૈશ્વિક સ્તરે ચિંતાનું મોજું છે. તાકિદે યુધ્ધ બંધ થવા જોઈએ.

રાજકોટમાં કેન્ડલ માર્ચ યોજી સંવેદના-દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું હતું. નિર્દોષના મોત ન થાય તે માટે કરૂણા બતાવવામાં આવી હતી. દેશના કોઈપણ નાગરિકોએ, સમાજે, જાગૃતતા કેળવી પોતાનો મત વ્યક્ત કરવો જોઈએ. આંતકી પ્રવૃતિ કોઈપણ દેશ માટે ખતરારૂપ છે તે બંધ થવી જોઈએ. વધુમાં પંડયાએ વિજ્ઞાનની શોધો યુધ્ધ કે સંહાર માટે નથી. આંતરરાષ્ટ્રીય સંગઠનોએ યુધ્ધ ઈઝરાયેલ-હમાસ કે યુક્રેન-રશિયાના બંધ થાય તે સંબંધી ઠોસ કદમ ભરવાની જરૂર છે. અસહ્ય વેદના-પીડા ભોગવતા લોકો-પરિવારો માટે મદદ કરવી માનવ ધર્મ છે. વિશ્વ શાંતિ એકમાત્ર વિકલ્પ છે. લોહિયાળ કત્લેઆમ રોકવી પડશે. મુર્ખ આક્રમણોથી મોત વધુ થાય છે. અધિકાર માટેની લડત અલગ હોય છે. નફરતના વાવેતરથી દેશ ખોખલો બને છે. હિંસક રૂપ ધારણ કરે છે. હમાસની ક્રુરતા-અમાનવીય બંધ થવી જોઈએ. આંતકવાદને પ્રોત્સાહન આપનારા દેશો અને તેના લોકો ગરીબાઈ સાથે પાશવીતામાં જીવતા હોય છે તેથી મગજ-વિચાર બદલાવાનો સમય આવી ગયો છે. આંતકી પ્રવૃતિ યુધ્ધ રોક માટે વિશ્વના દેશોએ સંગઠન કરી અંતિમ આયોજન ગોઠવવા પડશે. યુધ્ધના વિરોધમાં બોલવું અને શાંતિની કામના કરવી એ જ સત્ય છે. ઈઝરાયેલ -હમાસ યુધ્ધમાં નિર્દોષ નાગરિકો વધુ હોમાય નહિ. લોકો બેઘર ન બને તેવા વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા. સંવેદના કેન્ડલ માર્ચમાં જાથાના સદસ્યો, જીવનનગર સમિતિના સુનિતાબેન વ્યાસ, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, હર્ષાબેન વકીલ, જયોતિબેન પુજારા, ભારતીબેન ગંગદેવ, અલ્કાબેન પંડયા, જીગીષાબેન રાવલ, નેહાબેન મહેતા, આગેવાન વિનોદરાય ભટ્ટ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પરિવારો સાથે બાળકો જોડાયા હતા.

# ગરવા ગિરનાર ઉપર ગુફામાં બિરાજમાન મહાકાળી માતાજીના દિવ્ય દર્શન



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ઉપર કમંડળ કુંડથી આગળ જંગલના રસ્તે આવેલી મહાકાળી માતાજીની ટુંક કે જેમાં ગુફામાં બિરાજમાન મહાકાળી માતાજીના દિવ્ય દર્શનનો ભાવિકો લાભ લઈ રહ્યા છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢમાંથી પિસ્ટલ, જીવતા કાર્ટીસ સાથે એકની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ એસપી હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવા તથા ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા સુચન કરેલ. જે અન્વયે એસઓજીના એએસઆઈ જીતેન્દ્રસિંહ ચૌહાણ, રવિરાજસિંહ સોલંકીને બાતમી મળી હતી. જે બાતમીના આધારે એસોજીના પો.ઈન્સ. એ.એમ. ગોહીલ, એએસઆઇ એમ.વી. કુવાડીયા સહિતના સ્ટાફે પીસોરી ફળીયાથી જમાલવાડી જવાના રસ્તા પાસેથી રીયાજહુશેન ઉર્ફે રીયાજબાપુ ભીખુમીયા સીરાજીને પકડી અંગઝડતીમાંથી રૂા.૨૦,૦૦૦ની કિંમતની દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ.૧, રૂપિયા ૮૦૦ની કિંમતના કારતુસ નં.૮ મળી કુલ રૂા.૨૦,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયાના વિંજલપર ગામેથી ત્રણ મહિલાઓ સહિત આઠ જુગારીઓ ઝડપાયાઃ બે ફરાર

(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન ખંભાળિયા તાલુકાના વિંજલપર ગામે જુગાર રમતો હોવાની ચોક્કસ બાતમી મળતા ફરેરા સીમ વિસ્તારમાં ગંજીપત્તા વડે તીનપત્તી નામનો જુગાર રમી રહેલા જેસા પરબત ચાવડા, બાબુ પબા ગોજીયા, શૈલેષ ઠાકરશી જેઠવા, રમણીક છગનભાઈ જગતિયા અને કારૂ દેવશી ગોજીયા નામના પાંચ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૫૨,૯૦૦ રોકડા તથા રૂપિયા ૪,૫૦૦ ની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન ઉપરાંત રૂપિયા ૨૦,૦૦૦ નું એક મોટરસાયકલ અને રૂપિયા ૨૦૦૦ ની કિંમતનો બેટરીવાળો દવા છાંટવાનો પંપ મળી કુલ રૂપિયા ૭૯,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# ખંભાળિયાની વિંઝલપરની મોડેલ સ્કૂલ ખાતે ‘આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ’ ની ઉજવણી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૩

બેટી બચાઓ બેટી પઢાઓ તથા આઈ.સી.ડી.એસ. ખાતે પૂર્ણા યોજના કાર્યાન્વિત છે. આ યોજનાઓમાં દિકરી જન્મને પ્રોત્સાહન, દિકરીઓના શિક્ષણ, પોષણ, બાળલગ્ન, સલામતી અને સુરક્ષા મુખ્ય હોવાથી ભારત સરકારની થીમ ‘‘સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત’’ હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ ‘‘સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત’’ની થીમ આધારીત કિશોરી મેળાનો કાર્યક્રમ તા. ૧૧ થી ૧૩ ઓક્ટોબર સુધી યોજવામાં આવ્યો છે.

ખંભાળિયા તાલુકાના વિંઝલપર ગામે ‘કિશોરી મેળા’ અંતર્ગત બુધવારે ‘આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ’ની ઉજવણી મોડેલ સ્કૂલ, ખાતે કરવામાં આવી હતી. "સક્ષમ દિકરી... સશક્ત ગુજરાત..." પોતાની બદલો સોચ, બેટી નથી કોઈ બોજ, દિકરીઓને મદદની નહિ તકની જરૂર છે, તક જ બનાવશે તેમને મહાન તેવા સૂત્રો વિશે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા અગ્રણી શક્તિસિંહ જાડેજા, સરપંચ, ઉપસરપંચ, આઈ.સી.ડી.એસ. જિલ્લા પંચાયતના પ્રોગ્રામ ઓફિસર, મહિલા અને બાળ અધિકારી કચેરી, સી.ડી.પી.ઓ કચેરી તથા અન્ય વિભાગો અને કચેરીના પ્રતિનિધી અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારથી નવરાત્રીનો પ્રારંભ, આ વર્ષે માતાજી હાથી ઉપર બેસીને પધારશે

આસો સુદ એકમને રવિવાર તા.૧૫.૧૦.૨૦૨૩ થી આસો નવરાત્રી નો પ્રારંભ થશે. આ વર્ષે નવદુર્ગા માતાજી હાથી ઉપર સવાર થઈ ને પધારશે આથી લોકો ની સુખ સમૃદ્ધિમાં વધારો થશે.

**નવરાત્રી મા ઘટ સ્થાપન અને ગરબા સ્થાપનનું શા માટે છે મહત્વ ?**

વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. ચૈત્ર, અષાઢ, આસો, મહા તેમાં આસો નવરાત્રીને મોટી નવરાત્રી ગણવામાં આવે છે. માતાજીનો ગરબો સાક્ષાત નવદુર્ગા માતાજીનું સ્વરૂપ છે. નવ દિવસ સુધી ઘરમાં ગરબો રાખી તેની પુજા અને દિવો કરવાથી તથા નવ દિવસ સુધી ઘરમાં તથા સાંજના ગરબા ગાવાથી નવરાત્રી દરમ્યાન ઘરમાં માતાજીનો વાસ રહે છે. કહેવાય છે કે, નવરાત્રી દરમ્યાન પૃથ્વી પર લોકોને કૃપા કરવા માટે માતાજી વાસ કરે છે. નવરાત્રી દરમ્યાન ઘરમાં ગરબાની સ્થાપના કરવાથી ઘરમાં સુખ શાંતિ રહે છે.

**ઘટ સ્થાપનાની વિધિ**

બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી તેના પર માતાજીની છબી રાખવી. નવદુર્ગા અથવા કુળદેવી માતાજીનું સ્થાપન કરી શકાય. માતાજીના આગળ જવારા વાવવા. દીવો અગરબતી કરવા, એક કળસમાં અબીલ, ગુલાલ, કંકુ, સોપારી, સવા રૂપિયો, આસોપાલવના પાંચ પાન અને ઉપર શ્રીફળ મુકી અને ઉપર હાર પહેરાવી માતાજીની બાજુમાં કળશની સ્થાપના કરવી. છબીને ચાંદલા, ચોખા કરી ચુંદડી પધરાવી. હાર પહેરાવવો. અબીલ, ગુલાલ, કંકુ, ચડાવવા ત્યારબાદ ગરબાની સ્થાપના કરી માતાજીને મીઠાઇ ધરવી અને આરતી કરી ક્ષમાયાચના માંગવી. ગરબાની સ્થાપના સારા મુહુર્તમાં રવિવારે ગરબાની સ્થાપના કરવી. સૌ પ્રથમ ગરબાને ચાંદલો, ચોખા કરવા, અંદર થોડા અબીલ, ગુલાલ, કંકુ પધરાવવા ત્યારબાદ કુળદેવી અને નવદુર્ગા માતાજીનું નામ લઈ અને ગરબામાં દિવો પધરાવવો. ત્યારબાદ આ નવ નામ બોલી શકાય. (૧) શૈલપુત્રી (૨) બ્રહ્મચારિણી (૩) ચંદ્રઘન્ટા (૪) કુષ્માંડા (૫) સ્કંદમાતા (૬) કાત્યાયની (૭) કાલરાત્રી (૮) મહાગૌરી (૯) સિધ્ધિદાત્રી આ નવ નામ બોલી માતાજીને પ્રાર્થના કરવી ઘરમાં સમૃધ્ધિ રહે છે પૂજન વિધિવત વૈદોકત મંત્ર સાથે બ્રાહ્મણ દ્વારા પણ કરાવી શકાય છે.

આસો શુદ એકમ ને રવિવાર તા. ૧૫-૧૦-૨૩ ના દિવસે નવરાત્રીનો પ્રારંભ થશે નવરાત્રીના પહેલા નોરતે ઘટ સ્થાપના..

**ગરબો સ્થાપના... શુભ મુહૂર્તોની યાદી**

**ચોઘડિયા પ્રમાણે શુભ મુહૂર્તની યાદી :**

સવારે ૧૦.૨૨ સુધી વૈધૃતી, યોગ અશુભ છે તેથી ત્યારબાદ

દિવસના શુભ ચોઘડિયાઃ

લાભ ૧૦:૨૨ થી ૧૧:૦૫, અમૃત ૧૧.૦૫ થી ૧૨.૩૩, શુભ ૧.૫૯ થી ૩.૨૭ સુધી છે.

રાત્રીના શુભ ચોઘડિયા :

શુભ ૬:૨૧ થી ૭:૫૪, અમૃત ૭:૫૪ થી ૯:૨૭

બપોરે અભિજીત મુહૂર્ત ૧૨:૧૧ થી ૧૨:૫૮, રાત્રે પ્રદોષકાળનુ શુભ મુહૂર્ત ૬.૨૧ થી ૮.૪૮ સુધી છે.

**નવરાત્રી દરમિયાન આવતા શુભ યોગની યાદી:**

બુધવારે ચોથું નોરતું તા.૧૮.૧૦.૨૩ અમૃત સિદ્ધિયોગ બુધવારે રાત્રે ૮.૨૧ કલાક સુધી માતાજીની ઉપાસના માટેનો શ્રેષ્ઠ દિવસ છે.

ગુરૂવારે પાંચમા નોરતે તા. ૧૯.૧૦.૨૩ ના દિવસે શ્રી લલિતા પંચમી શ્રી યંત્ર પૂજાનો શ્રેષ્ટ દિવસ છે.

શુક્રવારે છઠ્ઠું નોરતું તા.૨૦.૧૦.૨૩ માતા સરસ્વતીની સ્થાપના રવિ યોગ તથા કુમાર યોગ રાત્રે ૮.૪૧ સુધી, શનીવારે સાતમો નોરતું તા ૨૧.૧૦.૨૩ દુર્ગા સપ્તમી, રવિવારે આઠમું નોરતું તા ૨૨.૧૦.૨૩ હવનાઅષ્ટમી હવન માટેનો દિવસ, સોમવારે નવમુ નોરતું તા ૨૩.૧૦.૨૩ નોરતાપૂરા, મંગળવારે વિજયા દસમી તા.૨૪.૧૦.૨૩ દશેરા, વિજય મુહૂર્ત બપોરે ૨.૨૭ થી ૩.૧૩ સુધી છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વૈદાંત રત્ન)

## સૌરાષ્ટ્રનાં મોટા ભાગના તાલુકાઓમાં મધ્યાહન ભોજનનો જથ્થો મળ્યો નથી

# મધ્યાહન ભોજન લેતા ૪૨ લાખ બાળકોને મળતા મધ્યાહન ભોજન ઉપર સંકટ

**હાલ શ્રાદ્ધ ચાલતું હોવાથી દાતાઓ દ્વારા અપાતા તિથિ ભોજન પર મોટા ભાગના મધ્યાહન ભોજન કેન્દ્રો નિર્ભર છે**

અમદાવાદ, તા.૧૩

બાળકોને યોગ્ય ભોજન નહીં મળવાથી તેમના પોષણ પર ગંભીર અસર પડી રહી છે. એક તરફ સરકાર કુપોષણ દૂર કરવાની મોટી મોટી વાતો કરે છે.

રાજયમાં હજારો ગરીબ બાળકોને ભૂખે રહેવાનો વારો આવ્યો છે. કારણ કે મધ્યાહન ભોજન લેતા ૪૨ લાખ બાળકોને મળતા મધ્યાહન ભોજન પર સંકટ આવી પડ્યું છે. સૌરાષ્ટ્રનાં મોટા ભાગના તાલુકાઓમાં મધ્યાહન ભોજનનો જથ્થો મળ્યો નથી. તો ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ ઘઉં, ચણા, દાળ અને તેલનો પુરતો જથ્થો મધ્યાહન યોજનાના સંચાલકોને મળ્યો નથી. પરિણામે તિથિ ભોજન પર બાળકોને નિર્ભર રહેવું પડે છે.બાળકોને યોગ્ય ભોજન નહીં મળવાથી તેમના પોષણ પર ગંભીર અસર પડી રહી છે. એક તરફ સરકાર કુપોષણ દૂર કરવાની મોટી મોટી વાતો કરે છે. બીજી તરફ સરકારની યોજનાનું પાલન થઇ રહ્યું નથી. જેને લઇ વાલીઓમાં સરકાર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ છેલ્લા ૪થી ૫ મહિનાથી ઘઉં,ચણા, દાળ અને તેલનો પૂરતો જથ્થો નથી મળી રહ્યો. હાલ શ્રાદ્ધ ચાલતું હોવાથી દાતાઓ દ્વારા અપાતા તિથિ ભોજન પર મોટા ભાગના મધ્યાહન ભોજન કેન્દ્રો નિર્ભર છે. આવનાર ૧૫ તારીખ સુધીમાં જો પૂરતો જથ્થો નહિ મળે તો અનેક મધ્યાહન ભોજન કેન્દ્રો બંધ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કેટલાક કેન્દ્રોમાં દરરોજ માત્ર ભાત આપવા પડે છે. ત્યારે વાલીઓ સાથે ઘર્ષણ પણ થવાના બનાવો બને છે. પુરવઠા વિભાગને અનેક રજૂઆતો છતાં પૂરતો જથ્થો નથી મળી રહ્યો. આવનારા ૩-૪ દિવસમાં જથ્થો પહોચાડવા સરકાર પાસે માગ કરી છે.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા યોજાશે યશસ્વી ૧૦મો એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતર રાષ્ટ્રીય વેપાર મેળો

## આફ્રિકા અને સાઉથ ઈસ્ટ એશિયાના ૩૦ જેટલા દેશોમાંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટસ આવવાની સંભાવના

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૩


સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા આગામી તારીખ ૧૧થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન એન.એસ.આઈ.સી ગ્રાઉન્ડ, ૮૦ ફૂટનો રોડ, અમુલ સર્કલ ખાતે એસ.વી.યુ.એ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું ભવ્ય આયોજન સતત ૧૦ મી વખત થવા જઈ રહ્યું છે. આ વેપાર મેળામાં સ્થાનિક અને રાજય/રાષ્ટ્રીય કક્ષા એથી લગભગ ૨૦થી ૨૫ હજાર મુલાકાતીઓ મુલાકાત લેશે. ૩૦ કરતા વધુ દેશોમાંથી ૨૦૦ કરતા વધુ બિઝનેસમેન પણ ભાગ લ્યે તેવી સંભાવના છે. પ્રદર્શન માં પ્રવેશ વિના મુલ્યે રહેશે પરંતુ પ્રવેશ માટે બિઝનેસ કાર્ડ સાથે હોવું જરૂરી રહેશે. પ્રદર્શન નો સમય સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી નો રહેશે.

એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક માત્ર સફળ અને પરિણામ દાયક છે જેમાં આજ સુધીમાં ૬૦ જેટલા દેશોમાંથી ૧૦૦૦ કરતા વધુ ગ્રાહકો આવી ચુક્યા છે અને તંટો કરોડનો નિકાસ વેપાર પણ થયો છે.

એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા માં વિદેશ ના દેશો જેમકે ધાના, સુદાન, બુર્કિનાફાસો, ટોગો, તાન્ઝાનિયા, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, યુગાન્ડા, કેન્યા, સેનેગલ, કોંગો, ગોન, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, શ્રીલંકા, સહીતના ૩૦ કરતા વધુ દેશોમાંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટસ, બિઝનેસમેન મુલાકાત લેશે. તેઓ ૫ દિવસ રાજકોટ રોકાશે અને વિવિધ ફેકટરીઓની મુલાકાત પણ લેશે. આ પ્રદર્શનમાં સ્થાનિક ૨૦૦થી વધુ કંપનીઓ ભાગ લેશે અને વિદેશી કંપનીઓ સાથે પોતાના બિઝનેસ ગોઠવશે. સંસ્થા દ્વારા નિકાસ વેપાર વૃદ્ધિના લાભ નાનામાં નાના ઉદ્યોગોને મળે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ખુબજ ઓછા અથવા નજીવા ખર્ચે આંતરરાષ્ટ્રીય વેપાર વૃદ્ધિની તક એક માત્ર એસ.વી.યુ.એમ ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા દ્વારા મળી રહી છે. શોને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પરાગ તેજૂરા, ઉપ પ્રમુખો મહેશ નગદીયા તથા પ્રભુદશભાઈ તન્ના, મંત્રી ભુપતભાઈ છાંટબાર, ટ્રસ્ટી પદુભાઈ રાયચુરા, રાજુભાઈ સંઘવી તથા સુરેશ તન્ના જહેમત ઉઠાવી રહ્યા છે. સંસ્થા દ્વારા પ્રતિષ્ઠિત વ્યાપારીઓ અને ઉદ્યોગકારોની કમિટીની રચના કરવામાં આવી જેમાં ચેરમેન તરીકે વિશાલ ગોહેલ તથા સભ્યો તરીકે કેતન વેકરીયા, મૌક્તિક ત્રિવેદી, મયુર ખોખર, અક્ષય માંજરાવાળા, ધનપત માલુ, દીવેન પડિયા, નિશ્ચલ સંઘવી, જીગ્નેશ સોઢા, મહેશ સીતાપરા, અંકુર સૂચક, દિનેશભાઈ વસાણી, હેમાંગ સોલંકી, અંકુર દવે, રાજેન્દ્રસિંહ અને દીપલ જાજલ નિમણૂંક કરવામાં આવેલ છે જેઓ વેપાર મેળાની સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૂનાગઢ ગિરનાર ઉપર બિરાજમાન જગતજનની માં અંબાજી મંદિરે આસો નવરાત્રીનો રવિવારથી પ્રારંભ





(તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ ગીરનાર પર્વતના ૫૦૦૦ પગથિયા ઉપર બિરાજમાન જગતજનની માં અંબાજીની શક્તિપીઠ આવેલી છે જે ઉદયન પીઠ તરીકે ઓળખાય છે. પુરા ભારતમાં કુલ ૫૨ શક્તિપીઠો છે જેમાંની આ એક માતાજીની શક્તિપીઠ છે. નવરાત્રી મહોત્સવ અને નવરાત્રી અનુષ્ઠાન નો રવિવારથી પ્રારંભ થઈ રહ્યો છે મંદિરના મહંત તનસુખગીરીબાપુની નિશ્રામાં નવરાત્રી રવિવારથી પ્રથમ નોરતું માતાજીના નિજ મંદિરમાં સવારે ૮:૧૫ કલાકે ધટસ્થાપન વિધિ સાથે અનુષ્ઠાનનો પ્રારંભ થશે એમાં રોજ સવાર સાંજ માતાજીના શ્રી સુતના પાઠ અભિષેક અને બંને ટાઈમ મહા આરતી કરવામાં આવશે. નવરાત્રી દરમ્યાન માતાજીને રોજબરોજ સિંગાર અને વિશિષ્ટ પૂજા કરવામાં આવશે જેમાં મંદિરના પૂજારીઓ દ્વારા મંદિરને સુશોભન સાથે સુંદર રીતે સજાવટ કરવામાં આવેલ છે છેલ્લા એક અઠવાડિયાથી મંદિરમાં માતાજીના આભૂષણો સહિતના મંદિર પરિસરને નવા સાજશણગાર સાથે પવિત્ર કરવામાં આવેલ છે અને આઠમા નોરતે હવન અષ્ટમીનો યજ્ઞ યોજાશે જેમાં માતાજીની સન્મુખ એક હવનનું પણ આયોજન કરાયું છે જેમાં હજારો મહિભક્તો માતાજીના દર્શન અને હવનના દર્શન કરવા ગિરનારની ટોચ ઉપર જય ચડશે હવે અષ્ટમીના દિવસે માતાજીના દર્શને પધારેલા ભાવિકોને મહાપ્રસાદ પીરસવામાં આવશે નવરાત્રી દરમિયાન ગિરનાર ઉપર અનુષ્ઠાન કરવાનું પણ એક મોટું માતમ છે જેમાં શ્રદ્ધાળુઓ ગિરનારના અન્ય ધર્મસ્થાનોમાં પણ માતાજીની આરાધના કરવા જય ચડે છે અને નવ દિવસના અનુષ્ઠાન કરી માતાજીની આરાધના કરે છે.

# જૂનાગઢના બસ સ્ટેશનમાં સફાઈ અભિયાન : પર્યટન અને તિર્થ ભૂમિ જૂનાગઢ એસટી નિગમ દ્વારા સ્વચ્છતા હિ સેવા અભિયાન યોજાયું

## આ કાર્યમાં દરેક નાગરિકોએ જોડાવું જોઈએ : ડેપો મેનેજર વી.એમ.મકવાણા

જૂનાગઢ, તા.૧૩

વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં "સ્વચ્છતા હિ સેવા" અભિયાન હેઠળ સ્વચ્છતા શ્રમદાનમાં નાગરિકો જોડાય રહ્યા છે. ત્યારે જૂનાગઢ બસ સ્ટેશન તથા વર્કશોપ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.



સ્વચ્છતા અભિયાનમાં ઉપસ્થિત રહેલા જૂનાગઢ એસટી ડેપોના મેનેજર વી.એમ. મકવાણા એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "સ્વચ્છતા હિ સેવા" અભિયાન યોજાઈ રહ્યું છે. જૂનાગઢ જિલ્લા તંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારો સહિત ધાર્મિક, પર્યટન, સ્કૂલ, કોલેજ, જાહેર સ્થળો સહિતના સ્થળો પર સ્વચ્છતા હી સેવા અભિયાનમાં નાગરિકો જોડાઈ રહ્યા છે. સૌ સાથે મળીને સામૂહિક પ્રયાસ દ્વારા નગર ને સ્વચ્છ બનાવવા સંકલ્પબદ્ધ છે ત્યારે જૂનાગઢ વિભાગીય એસટી નિગમ દ્વારા મુસાફરોને સ્વચ્છ, સુઘડ અને સારી સુવિધા મળી રહે તે માટે સ્વચ્છતા એ જ સેવાના સૂત્રને સાર્થક કરવા એસટી વિભાગ દ્વારા રોજે રોજ જૂનાગઢ બસ સ્ટેશન અને જૂનાગઢની બસોને વર્કશોપ ખાતે સાફ-સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે, રોજ એસટી વર્કશોપ ખાતે ૮૫ થી વધુ બસોને સ્વચ્છ પાણીથી ધોવામા આવે છે અને કચરા મુકત અને સ્વચ્છ બનાવવામાં આવે છે, સુઘડ અને સ્વચ્છ બસોમાં મુસાફરો પરિવહન કરી શકે તે માટે એસટી ડેપો જૂનાગઢ કાર્ય કરી રહ્યું છે.

બસ સ્ટેશનના પાર્કિંગ, વેઈટિંગ રૂમ, પ્લેટફોર્મ અને ઓફિસ પરિસર સ્વચ્છ રહે અને મુસાફરોને કોઈ મુશ્કેલી ના રહે તેની તકેદારી વર્તવામાં આવે છે. સ્વચ્છતા ઝુંબેશમાં સ્વયંસેવી સંસ્થાઓ પણ એસટી ડેપોને સહયોગ કરી રહી છે. ત્યારે એસટી ડેપોના મેનેજર શ્રી વી એમ મકવાણાએ જણાવ્યું હતું કે વિભાગય એસટી નિગમ દ્વારા બસ સ્ટેન્ડ પરિસર અને બસોને સ્વચ્છ રાખવા સઘન રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે, જો આ કાર્યમાં મુસાફરો પણ સહયોગ આપે તો એસટી સંપૂર્ણ સ્વચ્છતા ના મંત્ર સાથે મુસાફરોને સારી સવલત આપવામાં વધુ સારી રીતે કામ કરી શકે તેમ છે. આ માટે મુસાફરોએ મુસાફરી દરમ્યાન પ્લાસ્ટિકનો કચરો જ્યાં ત્યાં ન ફેકવો અને ડસ્ટબિનમાં જ તેનો નિકાલ કરવો આ ઉપરાંત બસમાં મુસાફરી સમયે ધુમ્રપાન ન કરી અને નિગમને સહયોગ આપવા વિનંતી કરી હતી. સ્વચ્છતા અભિયાન સાર્થક થઈ શકે માટે આ કાર્યમાં દરેકે સહભાગી બનવું જોઈએ. જૂનાગઢ એસટીના વિભાગએ નિયામક આર.પી.માળીએ જણાવ્યું હતું કે ડિવિઝન હેઠળની બસમાં સાફ સફાઈ રહે અને આ કાર્ય રોજેરોજ થાય તે માટે વ્યવસ્થાઓ નક્કી કરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લામાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૩ અંતર્ગત શેરી નાટકોના માધ્યમથી ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિની પહેલ કરવામાં આવી

જૂનાગઢ, તા.૧૩

સ્વચ્છતા હી સેવા ૨૦૨૩ કેમ્પેન અન્વયે જૂનાગઢ જિલ્લાના ૧૦૦ ગામોમાં સ્વચ્છતા અંગેના શેરી નાટક યોજવામાં આવી રહ્યા છે.તા. ૧૫ મી સપ્ટેમ્બરથી તા. ૧૫ ઓક્ટોબર દરમ્યાન ગ્રામીણ વિકાસ અને સ્વચ્છતા ની થીમ ઉપર જિલ્લામાં જાહેર સ્થળોની સ્વચ્છતા, જળાશયો આસપાસ સ્વચ્છતા તેમજ વૃક્ષારોપણ, શાળામાં સ્વચ્છતા અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા લક્ષી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. આ ઉપરાંત વહેલી સવારે ગ્રામજનો દ્વારા પ્રભાતફેરી, શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા રેલી તેમજ સરપંચશ્રીઓ, પદાધિકારીઓ તથા ગ્રામજનો દ્વારા શ્રમદાન કરી ગામની જાહેર જગ્યાઓની સ્વ્છતા કરવામાં આવી રહી છે. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો જોડાઈ રહ્યા છે અને ગામને સુંદર અને સ્વચ્છ બનાવવામાં આગળ આવી રહ્યા છે. આ સાથે ગ્રામજનોને સ્વચ્છતા અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુ જિલ્લાના સ્થાનિક સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા અંગેના શેરી નાટકો યોજવામાં આવી રહ્યા છે. જેમાં પ્લાસ્ટિકનું નહિવત ઉપયોગ કરવા, સુકા અને ભીના કચરાનું ઘરેલું કક્ષા એ વિભાજન, પ્રવાહી કચરાનું શોકપીટ દ્વારા યોગ્ય નિકાલ વગેરે જેવી સ્વચ્છતા અંગેની થીમ સાથે શેરી નાટકો યોજવામાં આવી રહ્યા છે.




# ઉનાના નવાબંદર ગામે મચ્છીઓની ફેકટરીઓથી ફેલાતું પ્રદૂષણ અટકાવવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પ્રાંત અધિકારી માફત આવેદન પત્ર પાઠવી રજૂઆત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૩

ઉના તાલુકાના નવાબંદર ખાતે સ્ટેબીલાઈઝરની બે ફેકટરીઓ આવેલી છે. જેમના કારણે પ્રદુષણ ગામમાં ફેલાઈ રહયું છે. આ ફેકટરીઓના પ્રદુષણનાં કારણે ગામમાં રહેતા લોકોને ફેફસા, , સહિતની ગંભીર બિમારીઓનો ભોગ બનવુ પડે છે. તેમજ ગર્ભવતી મહીલાઓને ગંભીર બિમારી શ્ભોગ બને છે. તો એસ. એમ. બાયોમરીન તેમજ એકવા મરીન પ્રોડકટ પ્રા. લી. નામની આ બન્ને કંપનીમાં ઝેરી કેમીકલ નાખીને તાજી માછલીઓને શેકે છે. અને તેને ઉચ્ચ તાપમાન થી પાડવર બનાવવામા આવે છે. અને આમા કાયદાના નિયમોનું ખુલ્લે આમ ઉલ્લંધન કરે છે.

આ બાબતે અમોએ ગત તા. ૨૬-૦૪-૨૦૨૩ તેમજ તા. ૨૩–૦૮–૨૦૨૩ થી પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ જુનાગઢને પત્ર પાઠવી યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટેની રજુઆત કરી હતી જેથી અમારી લેખીત રજુઆત અન્વયે પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ જૂનાગઢન અધિકારીઓ નવાબંદર ખાતે આવેલી ફેકટરીઓમાં આંટો ફેરો પાટીને ગયા બાદ પણ આ ફેકટરી ચાલ છે. જેથી આ પ્રાણ ફેલાવન ફેકટરીઓ ઉપર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ રહેમ નજર કેમ રાખે છે. તે સવાલ ઉભો થાય છે. સરકારશ્રીના પ્રદુષણ બોર્ડ ધ્વારા - દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવાથી કોણ રોકી રહ્યું છે. પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અને પ્રદુષણ ફેલાવતી ફેકટરીઓ વચ્ચે શું શાંગવાઠ છે. ? એક મોટો પ્રશ્ન ઉદભવે છે.

આ ફેકટરીઓની બાજુમાં આવેલી સરકારી જમીનમાં સર્વે નંબર ૧૧૫ પૈકી વાળી જમીન પેશકદમી કરીને મોટા પાયે બાંધકામ પણ કરવામાં આવ્યુ છે. અને આ ફેકટરીઓ માંથી નીકળ તુ કેમીકલ વાળુ પાણીને ખાડીમાં છોડવામા આવે છે. આ કેમીકલયુકત પાણીથી ખાડીમાં ઉછેર થતી માછલીઓ તેમજ પક્ષીઓ મોતને ઘાટ ઉતરી રહયા છે. આ ફેકટરીઓ સરકારના પર્યાવરણના નિયમોને અનુસરતી નથી. જળ, વાયુ, ધરતી મોટા પ્રમાણમાં પ્રદુષિત થઈ રહયા છે. આ ફેકટરીની બાજુમાં સરકારી સર્વે નંબર આવેલુ છે. અને શિયાળજેટ આવેલ છે. બાજુમાં મચ્છુન્દ્રી નદી આવેલી છે. બાજુમાં જંગલ આવેલુ છે. નદી કાંઠે રાષ્ટ્રીય પક્ષી આવે છે. બાજુમાં જંગલના લીધે વન પ્રાણીઓ આવે છે. શિયાળજેટ અને પ્રાણીઓ પક્ષીઓને હાનીકારક છે. તમામ કાયદાને નેવે મુકીને મનમાની ફેકટરી ચલાવે છે. જેથી આ સમગ્ર મામલે જીપીસીબી અધિકારી ધ્વારા કડ કાર્યવાહી કરી પ્રદુષણ અટકાવવામાં આવે અન્યથા અમારે છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આગામી સમયમાં રહીશો ધ્વારા ફેકટરી સામે ભુખ હડતાલ ઉપર ઉતરવુ પડશે.

# GJC દ્વારા ભારતનો સૌથી મોટો ઈન્ડીયા જવેલરી શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૩નો શુભારંભ

## વિજેતાઓને ઈનામ તરીક રૂા.૩૫ કરોડની જવેલરી આપવામાં આવશે, ભારતની બહાર રહેલા ૪ કરોડ એનઆરઆઈ હવે દર વર્ષે IJSF દરમ્યાન તેમના જવેલરી શોપિંગ માટે ભારતની મુલાકાત લઈ શકશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૩

ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જવેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ **(GJC)**, જે જ્વેલરી ઉત્પાદકો, જથ્થાબંધ વેપારીઓ, છૂટક વિક્રેતાઓ અને નિકાસકારોને એકસાથે એક ફલક ઉપર લાવે છે, તેમણે જે અમદાવાદમાં જવેલરી શોપિંગ ફેસ્ટિવલ **(IJSF)**ના શુભારંભની ધોષણા કરી હતી. ૧૫મી ઓક્ટોબરથી ૨૨મી નવેમ્બર દરમ્યાન દેશભરના ૩૦૦ શહેરોમાં આ ફેસ્ટિવલ યોજાશે. ડિવાઈન સોલિટેર્સ આ ઈવેન્ટના પાવર્ડબાય સ્પોન્સર્સ છે.

આ ફેસ્ટિવલ **B2B** અને **B2C** સેગમેન્ટ બંને માટે લાભ દાયક રહેશે જેમાં બિઝનેસના માલિકો એનરોલમેન્ટ ફી ચૂકવીને તેમના માટે ઉપલબ્ધ સબસ્ક્રિપ્શન પ્લાનમાંથી એક પસંદ કરી ફેસ્ટિવલમાં ભાગ લઈ શકે છે. રૂા. ૨૫૦૦૦ની કિંમતની કોઈપણ ખરીદી ઉપર એક નિશ્ચિત કૂપન અને લિમિટેડ એડિશનનો વિશેષ ચાંદીનો સિક્કો પ્રાપ્ત કરી શકાશે.

વિજેતાઓને ૩૫ કરોડ રૂપિયાના દાગીના મળશે. ૫૦૦૦ કૂપનના દરેક સેટ ઉપર ૨૫ ગ્રામ સોનાનો સિક્કો જેવા અન્ય આકર્ષક પુરસ્કારો પણ છે. અન્ય ભેટોમાં ૧ કિલો સોનાના ૫ ઈનામો, ૧૦ લાખની કિંમતના જાડાઉ જ્વેલરીના ૫ ઈનામો, ૧૦ લાખની કિંમતની ટેમ્પલ જ્વેલરી ૫ ઈનામો, ૫ લાખની કિંમતના હીરા અને પ્રેશિયસ સ્ટોન જડિત જ્વેલરીના ૧૦ ઈનામ, ૧૦ સોનાના દાગીના ઈનામ. જેમની પ્રત્યેકની કિંમત ૨.૫ લાખ અને ડિવાઈન સોલિટેયર્સ તરફથી હીરા જડિત સોનાના સિક્કાના ૧૦૦ ઈનામો. શ્રી દિનેશ જૈન, **GJC** ડિરેક્ટર અને **IJSF** કન્વિનર, તેમણે જણાવ્યું હતું કે “**IJSF** ૨૦૦ થી વધુ શહેરોમાં ભાગ લેનારા ૩૦૦૦ રિટેલર્સ દ્વારા રૂા. ૧,૨૦,૦૦૦ કરોડનો બિઝનેસ જનરેટ કરવાની અપેક્ષા રાખે છે. આ લગભગ ૩૦-૩૫% ની બિઝનેસ વૃદ્ધિ સૂચવે છે. આ તહેવારથી જ્વેલરી ઉદ્યોગમાં રોજગારીની મોટી તકો ઉભી થવાની પણ અપેક્ષા છે. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી દ્વારા હાથ ધરવામાં આવેલી ડિજિટલ ઈન્ડિયા પહેલને ધ્યાનમાં રાખીને, વિજેતાઓની પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા માટે **JSF**નું ડિજિટલ આયોજન કરવામાં આવશે. ભારતને જ્વેલરી ટુરિઝમ હબ બનાવતા **IJSF** દરમ્યાન વિદેશોમાં રહેતા ૪ કરોડ **NRI** પણ આકર્ષક ઓફર્સનો લાભ મેળવી શકશે અને તેમના જ્વેલરી શોપિંગનું આયોજન હરી શકશે."

શ્રી ઝવેરી કાકા માંડલિયા, સલાહકાર **IJSF**એ જણાવ્યું હતું કે, “**IJSF** પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોના મનમાં વિશ્વસનીયતા ઊભી કરવા માટે શ્રેષ્ઠ બિઝનેસ પ્રણાલીઓનું પાલન કરશે. ભારતીયો માટે જ્વેલરી માત્ર પ્રસંગો માટે જ નહીં પણ રોકાણ અને સુરક્ષા તરીકે પણ ખરીદવામાં આવે છે. આગામી ઈન્ડિયા જ્વેલરી શોપિંગ ફેસ્ટિવલ ગ્રાહકોને ઓફર્સનો લાભ લેવા અને લાંબા સમય સુધી ચાલતા રોકાણ માટે જ્વેલરી ખરીદવાની તક આપશે. અમદાવાદ, રાજકોટ અને જૂનાગઢ જેવા શહેરો પાસે ખૂબ જ મજબૂત જ્વેલરી હેરિટેજ છે જેને **IJSF** દ્વારા મોટો વેગ મળશે.

### ગરબો

જગજનની માડી તું જગદંબા,
ગરવા ગિરનારન દેવી માં અંબા.
જુનાણે ઝળહળ થાય, અંબા ગરવા ગિરનારની.
ભક્તોની ભીડ જામ, તારાદરબારમા,
ભાંગે તું પીડ માડી, ભવનીપળવારમાં.
કૃપા જો તારી થઈ જાય, અંબા ગરવ ગિરનરની.
શિવજીના ક્રોધ થકી, અવની પર વ્યાપી.
ત્રીજી ટુંકે માને, શકિતરૂપ સ્થાપી.
ઉદયન પીઠ કહેવાય, અંબા ગરવા ગિરનારની.
લાખો મનેખ, તારા દરશનિયે આવે.
શ્રીફળ, ચુંદડીને નૈવેદ્ય ધરાવે.
આશાઓ પુરણ થાય,
અંબા ગરવા ગિરનારની.
બાળુડા સહુ ગાય, ગરબા તમારા.
આવોને માડી દુઃખ હરવા અમારા,
કરજે મા ગેબી સહાય.
અંબા ગરવા ગિરનારની,
ત્રીશુળથી દૈત્યોને રણમાં હણનારી.
માડીને શોભે છે સિંહની સવારી,
મરમી ગુણગાન ગયા,
અંબા ગરવા ગિરનારની.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પ્રેસની સ્વતંત્રતાનાં દમન પર ભારતમાં ધમાસાણ

અભિવ્યક્તિની સ્વતંત્રતા અને પ્રેસની સ્વતંત્રતાના દમન પર હાલમાં ભારતમાં ખૂબ શોરબકોર ચાલી રહ્યો છે. આ શોર ભારતમાં ડાબેરી પક્ષો, તેમનાં મુખ્ય સંગઠનો અને વિપક્ષી ગઠબંધનના સહયોગીઓએ શરૂ કરી દીધો છે. આ રાજકીય સમૂહોના કેટલાક કાર્યકર્તાઓએ કથિત ચીનથી વિત્તપોષિત પોર્ટલ ન્યૂઝક્લિક વિરુદ્ધ તપાસનો વિરોધ કરતાં સડકો પર પ્રદર્શન કર્યું. ન્યૂઝક્લિકે ચીનનો પ્રોપેગેંડાના પ્રચાર માટે કથિત રીતે ચીન પાસેથી ફંડિંગ મેળવ્યું છે. આ પોર્ટલના સંસ્થાપક પ્રબીર પુરકાયસ્થ અને તેમના માનવ સંસાધન પ્રમુખને દિલ્હી પોલીસના વિશેષ અભિયાન એકમે એક ડઝનથી વધારે લેખકો, પત્રકારો અને સલાહકારોની પૂછપરછ કર્યા બાદ ધરપકડ કરી અને આગળની તપાસ માટે તેમના મોબાઈલ-લેપટોપ વગેરે જપ્ત કરી લીધાં. એટલે મોટો સવાલ એ છે કે ભારતમાં પ્રેસની સ્વતંત્રતાના કથિત દમન પર આટલો હોબાળો કેમ છે? જોકે આ પહેલી વાર નથી કે ઘરેલુ અને વિદેશી મીડિયા આઉટલેટ્સમાં આ પ્રકારની જૂઠ્ઠો વિમર્શ ફેલાવી હોય કે રિપોર્ટ કરવામાં આવ્યો હોય.

ન્યૂઝક્લિક અને તેના સંચાલકો વિરુદ્ધ બે મોટા આરોપ એ છે કે સંગઠને ચીન માટે પ્રોપેગેંડા ફેલાવવાનું કામ કર્યું. બીજો ગંભીર આરોપ એ છે કે ભારતમાં નાપાક ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના એજન્ડાને આગળ વધારવા માટે ધનિક વ્યવસાયી નેવિલ રોય સિંઘમના માધ્યમથી વિદેશી ધન મોકલવામાં આવ્યું હતું. જોકે તથ્યો તો ઊંડાણથી તપાસ થયા બાદ જ બહાર આવી શકશે અને ડાબેરી પક્ષોના સંગઠિત હોબાળાથી બચી શકાશે, જેઓ માઓની વિકૃત રાજકીય વિચારધારાની રક્ષા કરવા, તેને સાચવવાનો દાવો કરે છે.

સૌથી પહેલું, શું ન્યૂઝક્લિક સંબંધિત કોઈપણ વ્યક્તિ દ્વારા સંભવિત ખોટા કામની તપાસ કરવો અપરાધ છે? અમેરિકાના અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સમાં છપાયેલ 'ચીની પ્રોપેગેંડા મશીન' સંબંધિત રિપોર્ટોની નોંધ લીધા બાદ જ દિલ્હી પોલીસ, ઈડી અને અન્ય એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સડકો પર ઉતરનારા આ જ રાજકીય પક્ષો અને 'સ્વતંત્ર પ્રેસ'ના ઝંડાબરદારોએ મોદી સરકાર પર હુમલા કરવા માટે એકથી વધારે પ્રસંગે ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા શપથ લીધા છે. હવે અખબારોના રિપોર્ટો અને ઈડીના પોતાના સંશોધનના આધાર પર ન્યૂઝક્લિકની તપાસ કરવામાં ખોટું શું છે?

ન્યૂયોર્ક ટાઈમ્સે ચીની પ્રોપેગેંડાની એક વૈશ્વિક જાળ તરફ ઈશારો કર્યો હતો, જેમાં અમેરિકી નોન-પ્રોફિટ સંસ્થાઓ સામેલ હતી અને શિકાગોથી શાંઘાઈ સુધી ફેલાયેલી હતી. ન્યુયોર્ક ટાઈમ્સ અનુસાર આ જાળમાં ન્યૂઝક્લિક પોર્ટલ એક સક્રિય ભાગીદાર હતું. હવે, કાયદાકીય એજન્સીઓ જીવનમાં ઈમાનદારી લાગુ કરવા, ચીનના સંભવિત પ્રચાર અભિયાનોને નકારવા અને ભારતીય રાજ્ય વિરુદ્ધ લિક્ષત વિદેશી ફંડોની હેરાફેરી રોકવાનું પોતાનું કામ કેમ ન કરે? શું આ પ્રેસની આઝાદીને કચડવા સમાન છે? શું આ તપાસની શરૂઆત કોઈપણ દષ્ટિએ અલોકતાંત્રિક છે?

આશ્ચર્યની વાત છે કે ભારતનાં કેટલાંક અંગ્રેજી અખબારો જે ૮૦-૯૦ના દાયકામાં બોફોર્સ કૌભાંડની તપાસમાં સૌથી આગળ હતાં, તેમણે ન્યૂઝક્લિક પર પોલીસ કાર્યવાહીને પ્રેસની સ્વતંત્રતાને દબાવવા સમાન ગણાવ્યું. આ હાસ્યાસ્પદ છે. ભારતનાં હિતોને પ્રતિકૂળ તત્ત્વો દ્વારા શંકાસ્પદ અપરાધ વિરુદ્ધ કાર્યવાહી કે અમેરિકા અને ચીનમાં ન્યૂઝક્લિક સંચાલકોને બેનકાબ કરવાની તુલના નિશ્ચિતપણે ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી, તેમાં પ્રેસની સ્વતંત્રતા પર લગાવેલ અંકુશ સાથે ન કરી શકાય.

શું કોઈપણ અન્ય વ્યક્તિ કે સંગઠનની જેમ જ પત્રકારોની પણ બુનિયાદી જવાબદારી નથી કે તેઓ સચ્ચાઈ જાણવા માટે કાયદાકીય એજન્સીઓ સામે સમર્પણ કરે અને સહકાર આપે? તપાસનો હોબાળો મચાવવાથી ન્યૂઝક્લિકની ગરબડોની સચ્ચાઈ દબાઈ નહીં જાય. ન્યૂઝક્લિકમાં નરેન્દ્ર મોદી સરકારને ઘેરવાની કોશિશ કરવા માટે અપશબ્દો અને પ્રોપેગેંડાનો જ ઉપયોગ થઈ રહ્યો છે અને ન્યૂયોર્ક ટાઈમ્સની તપાસમાં તેને ચીન સમર્થક અભિયાનોના ફંડિંગ કરનારા નેટવર્ક સાથે જોડવામાં આવ્યું ત્યારે તે વધુ ચર્ચામાં આવ્યું.

ભારતીય આવકવેરા કાયદાના ઉલ્લંઘન માટે બીબીસી ઈન્ડિયાના સંચાલનની તપાસ બાદ આવો જ હોબાળો અને રોદણાં રડવામાં આવ્યાં હતાં. અધિકારીઓના આકલને બીબીસીને એ સ્વીકારવા મજબૂર કરી કે તેણે નફો ઓછો બતાવીને કર ચોરી કરી છે. બીબીસીએ ટેક્સથી બચવા માટે ૪૦ કરોડ રૂપિયાની આવક ઓછી બતાવી હતી! યુકે સરકાર દ્વારા પોષિત બીબીસીનાં ખાતાંના આવકવેરા મૂલ્યાંકનને વધારીને રજૂ કરવામાં આવ્યાં હતાં અને તેમાં કેટલાય પ્રોપેગેંડા એજન્ટો પ્રેસની સ્વતંત્રતાના દમનનો હવાલો આપીને કૂદી પડ્યા હતા. ભારતીય ટેક્સ કાયદાઓ લાગુ કરવા કંઈ પ્રેસની સ્વતંત્રતાનું દમન ન જ કહી શકાય. સૌથી પહેલાં મોટો સવાલ એ હતો કે એક વિદેશી સરકાર દ્વારા વિત્તપોષિત મીડિયા સંગઠને ટેક્સથી બચવા માટે કાવતરાં કરવાની હિંમત કેવી રીતે કરી? નિશ્ચિતપણે ભારત કંઈ બનાના રિપબ્લિક નથી અને ના તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્યવાદી શાસકોનું કોઈ થાણું છે. જ્યારે ૨૦૨૧માં અન્ય એક વેબસાઈટ ન્યૂઝલોન્ડ્રીનું પણ આવકવેરા અધિકારીઓ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું ત્યારે એજન્સીઓ વિરુદ્ધ ધમકી અને પ્રેસની સ્વતંત્રતાના આરોપ લગાવવામાં આવ્યા હતા. કાયદાનું શાસન જ મહત્ત્વનું છે. મીડિયા સંગઠનોની પાઠકો પ્રત્યે પોતાની વિશિષ્ટ જવાબદારી હોય છે, જે મીડિયા અને દેશમાં જે જુએ છે તે અનુસાર ચાલે છે.

જો ભારતીયો, ઘરેલુ નિગમો અને વિદેશી સહયોગની માલિકીવાળી હજારો વેબસાઈટો, સમાચાર પત્રો, ટીવી ચેનલો અને સોશ્યલ મીડિયા હેન્ડલ સ્વતંત્ર રૂપે સમાચાર સંચાલન કરી જ રહ્યા છે, તો આ પ્રેસની સ્વતંત્રતાનું દમન ક્યાં છે? જવાબદારીની માંગ કરવી પ્રેસની સ્વતંત્રતા અને અધિકારોનું દમન ન કહી શકાય. પ્રેસની સ્વતંત્રાતાને ગરબડો અને ભારતવિરોધી અભિયાનો સાથે ન જોડવી જોઈએ. સ્વતંત્રતા જવાબદારી સાથે આવે છે એ ભૂલવું ન જોઈએ.

# હિન્દુજા ગ્રુપે ૮૦ કરોડ ડોલર એકત્ર કરવા કવાયત હાથ ધરી, ખરીદી શકે છે રિલાયન્સ કેપિટલ!

નવીદિલ્હી,તા.૧૩

અનિલ અંબાણીની વધુ એક કંપની વેચાવા જઈ રહી છે. એક સમયે દેશની ટોપ ટેલીકોમ કંપનીઓમાં નંબર ૧ પર રહેલી કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન ચલાવનારા બિઝનેસમેન અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કેપિટલ પણ વેચાવા જઈ રહી છે. આ કંપનીનું અધિગ્રહણ દેશનું ટોચનું 'હિન્દુજા ગ્રુપ' કરવા જઈ રહ્યું છે, જેના માટે તેને રૂપિયા ૬૬૬૦ કરોડ એકઠા કરવાનું કામ શરૂ કરી દીધુ છે. આ વિશે જાણકારી આપતા સુત્રોએ જણાવ્યું કે હિન્દુજા ગ્રુપે ૮૦ કરોડ ડોલર એકત્ર કરવા માટે કવાયત હાથ ધરી છે, જેથી રિલાયન્સ કેપિટલને ખરીદી શકે. કંપની તેના માટે પ્રાઈવેટ ક્રેડિટ ફંડના માધ્યમથી પૈસા ભેગા કરવાનો પ્રયત્ન કરી રહી છે. જો કે તેને લઈને બંને પક્ષ વચ્ચે હાલમાં કોઈ સહમતિ બની શકી નથી. એક સમયે અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કેપિટલ દેશમાં સૌથી મોટી પ્રાઈવેટ ફાયનાન્સ કંપની હતી. તે એક શેડો બેંક તરીકે કામ કરી રહી હતી. એક સમયે સરકારના પીએફ ફંડનો એક ભાગ પણ તેમની કંપની સંભાળતી હતી. રિલાયન્સ કેપિટલનો જ ભાગ રહેલી 'રિલાયન્સ જનરલ ઈન્શોયોરન્સ કંપની' દેશની સૌથી મોટી પ્રાઈવેટ જનરલ ઈન્શોયોરન્સ કંપનીઓમાંથી એક હતી. વર્ષ ૨૦૨૧માં RBIએ રિલાયન્સ કેપિટલને ટેકઓવર કરી લીધી હતી. તેનું કારણ છેલ્લા કેટલાક વર્ષોની અંદર ૫ મોટી NBFCનું ડિફોલ્ટ થવાનું છે. જો હિન્દુજા ગ્રુપની વાત કરીએ તો તે ઓટોમોબાઈલથી લઈને ફાઈનાન્શિયલ સર્વિસ, કેમિકલ અને રીયલ એસ્ટેટ સેક્ટરમાં કામ કરે છે. ત્યારે રિલાયન્સ કેપિટલને ખરીદવા માટે આ ગ્રુપ પૈસા એકત્ર કરવામાં લાગ્યુ છે. જો કે અત્યાર સુધી આ મુદ્દે કંપની તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યુ નથી. હવે બ્લૂમબર્ગનું કહેવું છે કે હિન્દુજા ગ્રુપ ૮૦ કરોડ ડોલર એકત્ર કરી રહ્યું છે. જો કે તેની પર હિન્દુજા ગ્રુપ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

# બીજા દેશની નાગરિકતા પ્રાપ્ત કરતા ભારતીય નાગરિકત્વનું આપોઆપ સમાપ્ત થવુ ગેરબંધારણીય : LSE પ્રોફેસરની સુપ્રીમ કોર્ટમાં અરજી

(જી.એન.એસ)
નવીદિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને બંધારણીય વિદ્વાન અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના પબ્લિક લો ચેર પ્રોફેસર તરુણભ ખેતાનની અરજી પર નોટિસ જાહેર કરી છે. મામલો એ છે કે બીજા દેશની નાગરીકતા પ્રાપ્ત કરવા પર ભારતીય નાગરીકતા આપમેળે સમાપ્ત થઈ જાય છે. પ્રોફેસર ખેતાને આ મુદ્દે નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની જોગવાઈઓની બંધારણીયતાને પડકારી છે. જસ્ટિસ એએસ બોપન્ના અને એમએમ સુંદરેશની બેંચે પ્રોફેસરની અરજી પર નોટિસ જાહેર કરી હતી અને તેને અન્ય સંબંધિત કેસ સાથે ટેગ કરી હતી. ખેતાને કલમ ૯(૧), કલમ ૪(૧)ની બીજી જોગવાઈ અને નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૪(૧છ) ની બંધારણીયતાને પડકારી છે કારણ કે આ જોગવાઈઓ અન્ય નાગરિકતા સ્વીકારવા પર ભારતીય નાગરિકતાની અનૈચ્છિક સમાપ્તિમાં પરિણમે છે અને ત્યાં આપોઆપ સમાપ્તિ છે. યાચિકામાં શું કહેવામાં આવ્યું?.. જે જણાવીએ, "નાગરિકતાની અનૈચ્છિક સમાપ્તિ માત્ર ગેરબંધારણીય નથી, તે ભારતીય બંધારણીય નીતિના મૂલ્યોની પણ વિરુદ્ધ છે અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે. આવી સમાપ્તિ એ "અધિકાર રાખવાના અધિકારની સમાપ્તી દેશનિકાલ સમાન છે. અને, આમ બિન-ગુનાહિત કૃત્ય માટે કાયદો વ્યક્તિ પર લાદી શકે તેવા સૌથી કઠોર પરિણામોમાંનું એક હોઈ શકે છે." અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ ભારતને કેટલાક સૌથી અસહિષ્ણુ દેશોમાં સ્થાન આપે છે, જ્યાં નાગરિકતા ગુમાવવી સ્વચાલિત અને અનૈચ્છિક છે. અરજદારે સ્પષ્ટ કર્યું છે કે તે બેવડી નાગરિકતાની સામાન્ય માન્યતાની માંગ કરી રહ્યો નથી. પિટિશન અસ્પષ્ટ જોગવાઈઓ હેઠળ નાગરિકતાના અનૈચ્છિક સમાપ્તિને પડકારે છે, કારણ કે તે વ્યક્તિઓને તેમના જન્મના દેશ અને તેમના રહેઠાણના દેશ વચ્ચે પસંદગી કરવા દબાણ કરવામાં આવે છે. અરજદાર દલીલ કરે છે કે ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા કાર્ડધારકનો એવો દરજ્જો આપવામાં આવે છે, જેના માટે તેમને તેમની ભારતીય નાગરિકતા સમાપ્ત કર્યા પછી યોગ્ય બનશે તે નાગરિકતા દ્વારા મળેલા લાભોની સમકક્ષ નથી. અરજદારે કોર્ટને જાણ કરી છે કે તે ૨૦૧૩માં બ્રિટિશ નાગરિકતા માટે



અરજી કરવા પાત્ર હોવા છતાં, તેણે તેના માટે અરજી કરી નથી કારણ કે તેના પરિણામે તેની ભારતીય નાગરિકતા સમાપ્ત થઈ જશે. બ્રિટિશ નાગરિકતા પ્રાપ્ત કર્યા પછી નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૯ હેઠળ તેમની નાગરિકતા અનૈચ્છિક રીતે ગુમાવવી પડે છે. ત્યારે આ અધિનિયમની કલમ ૪(૧) અને કલમ ૪(૧)છ હેઠળ, તેમના ભાવિ બાળકોએ વંશ દ્વારા ભારતીય નાગરિકતા અને જન્મ અને વંશ દ્વારા બ્રિટિશ નાગરિકતા વચ્ચે પસંદગી કરવાની રહેશે.

# ચીનમાં મોટી સંખ્યામાં સાપની ખેતી કરવામાં આવે છે

## ગામડાના લોકો સાપનું ઝેર, ચામડી તેમજ અન્ય અંગો વેચીને શાનદાર કમાણી પણ કરે છે





નવી દિલ્હી, તા.૧૩

આજ સુધી તમે ફળ, શાકભાજી અને ફૂલો અને અનાજની ખેતી વિશે સાંભળ્યું જ હશે. પરંતુ, શું તમને ખબર છે કે એક દેશ એવો પણ છે જે સાંપની ખેતી કરી છે. જી હાં, તમે સાચું જ વાચ્યુ છે. ચાલો જાણીએ કે કયો એવો દેશ છે જ્યાં સાપની ખેતી કરવામાં આવે છે. હકીકતમાં, ચીનમાં સાપની ખેતી કરવામાં આવે છે. રિપોર્ટ અનુસાર, આ ગામનું નામ જીસિકિયાઓ છે. અહીંના લોકો સાપની ખેતી પર નિર્ભર છે. આ ગામની દરેક બીજી વ્યક્તિ આ કામમાં સામેલ છે. આ ગામમાં લાખો ઝેરી સાપ જોવા મળે છે અને પાળવામાં આવે છે. અહીં લોકો કિંગ કોબ્રાથી લઈને અજગર સુધીના સાપને પાળે છે. જણાવી દઈએ કે આ ગામના લોકો આવા ખતરનાક સાપને તેમના માંસ અને શરીરના અન્ય અંગો માટે પાળે છે. ચીનમાં સાપનું માંસ ખૂબ જ શોખથી ખવાય છે. આ ઉપરાંત સાપના અંગોનો ઉપયોગ દવા બનાવવામાં પણ થાય છે. જ્યારે બેગ, પગરખાં અને બેલ્ટ વગેરે બનાવવા માટે ઘણી પ્રજાતિના સાપનો ઉપયોગ કરવામાં આવે છે. જો અહેવાલોનું માનીએ તો આ ગામમાં લાકડા અને કાચની નાની પેટીઓમાં સાપને પાળવામાં આવે છે. જ્યારે સાપના બાળકો મોટા થાય છે, ત્યારે તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ કરવામાં આવે છે. બાદમાં, જ્યારે સાપ મોટા થાય છે, ત્યારે તેને મારવા માટે ફાર્મ હાઉસની બહાર લઈ જવામાં આવે છે. સૌ પ્રથમ તેમનું ઝેર બહાર કાઢવામાં આવે છે. તે પછી તેનું માથું કાપી નાખવામાં આવે છે. પછી તેમના માંસને બહાર કાઢીને અલગ રાખવામાં આવે છે. સાપની ચામડીને સૂકવવા માટે અલગથી રાખવામાં આવે છે અને માંસમાંથી દવા બનાવવામાં આવે છે. બજારમાં ચામડાની વસ્તુઓ ખૂબ મોંઘી વેચાય છે. તેથી આ લોકો સારી કમાણી પણ કરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એક ગુણ બધા જ દોષોને ઢાંકી દે છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧૪ ચૌદશનું શ્રાધ્ધ, શસ્ત્ર-અસ્ત્ર કે આપઘાતથી મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ તા.૧૩ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૭, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, બ્રહ્મ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# ચતુર્દશી ( ચૌદશ ) ના દિવસે માત્ર અકસ્માતે ગયેલા સ્વજન નું જ શ્રાદ્ધ કરવાનું વિધાન છે

આપણા વેદો અને પુરાણો માં શ્રાદ્ધનું વિશેષ મહત્વ છે. સનાતન ધર્મમાં પોતાના પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા અને ભાવના વ્યક્ત કરવા માટે શ્રાદ્ધ કરવામાં આવે છે. આમ તો શ્રાદ્ધએ શ્રદ્ધાનો વિષય છે. દરેક વ્યક્તિ પોતાની શ્રદ્ધાને સામર્થ્ય પ્રમાણે શ્રાદ્ધ કરતા હોય છે. પરંતુ આ શ્રાદ્ધ કરવાના કેટલાક નિયમો પણ છે. આ નિયમો અનુસાર શ્રાદ્ધ કરવાથી કરનાર અને જેને ઉદેશીને કરવામાં આવે છે તે બંનેને તેનું શુભ ફળ પ્રાપ્ત થાય છે.

પુરાણોમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે, શ્રાદ્ધ કર્મ કરવાથી કેવળ પોતાને લાભ થાય કે પોતાના પિતૃઓને જ તૃપ્તિ થાય તેવું નથી, પરંતુ વ્યક્તિ જો વિધિપૂર્વક શ્રાદ્ધ કરે તો સમસ્ત દેવતાઓ થી માંડીને કીટ - પતંગિયા આદિ સુધી બધા જ જીવો તેનાથી સંતુષ્ટ થાય છે.

શ્રાદ્ધ કરવાથી કરનારને સંતોષની લાગણી ઉત્પન્ન થાય છે. ત્યારે વિવિધ શાસ્ત્રોમાં શ્રાદ્ધ બાબતે એવું લખેલું છે કે, જો મન ની એકાગ્રતા સાથે પૂર્વજોને ઉદેશીને શ્રાદ્ધ કરવામાં આવે તો તેઓ તેને ગ્રહણ કરે છે. આપણા ઋષિઓ એ મૃત્યુ બાદ આત્માની સ્થિતિ ને શાસ્ત્રોમાં પ્રગટ કરી છે. આત્મા વિશે વિસ્તૃત ચર્ચાઓ પણ કરી છે. જીવ આ શરીર છોડીને જાય છે ત્યારે તે પોતાના પરિવાર ના સભ્યો પ્રત્યે ની માયા સાથે લઈને જાય છે. તેના કારણે જ તે હંમેશા પોતાના પરિવાર ના સભ્યો પ્રત્યે લાગણીથી બંધાઈને રહે છે. આ જીવ એટલે આત્મા શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના આત્મા વર્ણવ્યા છે. જેનો ગીતાજીમાં પણ ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ આ ત્રણ પ્રકારના આત્મા અંગે અર્જુન સાથે ચર્ચા કરતા કહે છે કે, જગતમાં ત્રણ પ્રકારના આત્મા વિદ્યમાન છે. જેમાં સાત્વિક, રાજસી અને તામસી આત્મા એમ ત્રણ પ્રકારના વિભાગ નુ વર્ણન કર્યું છે. આ ત્રણેય પ્રકારના આત્માને આપણે પિતૃ દેવતાઓ તરીકે ઓળખીએ છીએ.

આ પિતૃ દેવતાઓને પ્રસન્ન કરવા માટે ભાદરવા વદ એકમ થી ભાદરવા વદ અમાસ સુધીના દિવસો શ્રાદ્ધ માટે નક્કી કરવામાં આવેલા છે. આમ, તો બધા જ શાસ્ત્રોનો મત છે કે પિતૃ દેવતાઓને દરરોજ પ્રણામ કરવા જોઈએ. પરંતુ ઉપરોક્ત દિવસો દરમિયાન તેમને શ્રાદ્ધિક ક્રિયા દ્વારા સવિશેષ પ્રસન્ન કરવા પ્રયત્ન કરવો જોઈએ. જેથી તેઓ આપણા પર પ્રસન્ન રહે અને તેમના આર્શીવાદ આપણા પર વરસતા રહે.

શ્રાદ્ધિક ક્રિયાઓ કરતી વખતે આપણા પૂર્વજો કે જેને આપણે પિતૃ દેવતા તરીકે માનીએ છીએ તેને ગંભીરતાથી ધ્યાનમાં રાખવા જોઈએ. જેથી આપણા દ્વારા તેમને ઉદેશીને કરાયેલા શ્રાદ્ધ કર્મની ભાવના સિદ્ધ થાય અને પરિવારમાં આપણા પૂર્વજો ની સ્મૃતિ કાયમ રહે.

આપણી સંસ્કૃતિ તથા પરંપરાથી આકર્ષાઈને આજે વિદેશીઓ પણ શ્રાદ્ધાદિક ક્રિયાઓ દ્વારા પોતાના પિતૃ દેવતાઓ પ્રત્યે પોતાની ભાવના પ્રગટ કરવા અને પોતાના પૂર્વજોને શ્રદ્ધાદિક ક્રિયા વડે સંતુષ્ટ કરવા માટે પ્રયત્નો કરે છે.

આપણે ત્યાં સામાન્ય રીતે વર્ષમાં કોઈપણ માસની જે તિથિએ મનુષ્યનું અવસાન થયું હોય તે તિથિએ ભાદરવા વદમાં શ્રાદ્ધ કરવામાં આવે છે. પરંતુ કેટલાક શ્રાદ્ધ એવા છે કે, જે તિથિ પ્રમાણે નથી થતા. પરંતુ તેના માટે અમુક ખાસ દિવસ નક્કી કરાયેલા છે. જેમકે સૌભાગ્યવતી નારીનું શ્રાદ્ધ ભાદરવા વદ નોમ એટલે કે "અવિધવાનોમ"ના દિવસે કરવામાં આવે છે. તેવી જ રીતે ભાદરવા વદ બારસના દિવસે" બાળા ભોળા" અને "સંન્યાસીઓનું શ્રાદ્ધ" કરવામાં આવે છે. પછી ભલેને તેમની મૃત્યુ તિથિ ગમે તે હોઈ શકે. આ રીતે શ્રાદ્ધ કરવા પાછળના કેટલાક નિયમો છે જે શાસ્ત્રોક્ત મત મુજબ છે.

આ પ્રમાણે ચૌદશના મૃત્યુ પામેલા સ્વજનનું શ્રાદ્ધ ચૌદશના નથી કરી શકાતું.પરંતુ તેનું શ્રાદ્ધ અમાસના દિવસે કરવાનું ધર્મગ્રંથોમાં જણાવાયું છે. ચૌદશના એટલે કે ચતુર્દશીના માત્ર અને માત્ર એવા લોકોનું શ્રાદ્ધ કરવાનું હોય છે કે જેમનું મૃત્યુ સ્વાભાવિક રીતે નથી થયું હોતું કહેવાનો મતલબ એ છે કે જે લોકોનું મૃત્યુ કોઈ દુર્ઘટનામાં થયું હોય અથવા તો તેણે આત્મહત્યા કરી હોય અથવા તેમની હત્યા થઈ ગઈ હોય તેઓનું શ્રાદ્ધ ચૌદશના કરવાનું સનાતન ધર્મમાં કહેલું છે.

" મહાભારત"ના અનુશાસન પર્વમાં પિતામહ ભીષ્મ એ યુધિષ્ઠિર ને કહ્યું છે કે, ભાદરવા વદ ચૌદશના કેવળ અને કેવળ જેનું આકાલ મૃત્યુ થયું હોય તે સ્વજનોનું જ શ્રાદ્ધ કરવું જોઈએ. તેમણે વધુમાં એમ પણ કહ્યું છે કે, આ તિથિ ના દિવસે જે કોઈ સ્વજનનું સ્વાભાવિક રીતે મૃત્યુ થયું હોય તેમણે પોતાના સ્વજનનું શ્રાદ્ધ આ દિવસે ન કરતા સર્વ પિત્રી અમાસના કરવું જોઈએ.

"યાજ્ઞવલ્કયસ્મૃતિ" અનુસાર ચૌદશનું શ્રાદ્ધ ચૌદશના ન કરવાની આજ્ઞા આપેલ છે. આ દિવસે કેવળ અકાળે મૃત્યુ પામનાર નુ જ શ્રાદ્ધ કરી શકાય તેવું સ્પષ્ટ જણાવેલ છે.

"કૂર્મ પુરાણ "મા સ્પષ્ટ જણાવ્યું છે કે, ચતુર્દશીના જે વ્યક્તિ ગયેલ હોય તેનું શ્રાદ્ધ સર્વપિત્રી અમાસના દિવસે કરવું. પરંતુ ચતુર્દશીના માત્ર અકાળે અવસાન પામેલ વ્યક્તિનું જ શ્રાદ્ધ કરવું.

ચૌદશના દિવસે સામાન્ય રીતે અવસાન પામેલા પિતૃ દેવતાઓનું શ્રાદ્ધ નથી કરી શકાતું. પરંતુ માત્ર અને માત્ર અકાળે મૃત્યુ પામેલા સ્વજનનું શ્રાદ્ધ આ દિવસે થાય છે.

જેમાં વીજળી નો શોટ લાગવાથી, સર્પદંશ થી, અકસ્માતથી, આત્મહત્યા દ્વારા, હત્યાથી કે કોઈપણ રીતે અકાળ મૃત્યુ થવાથી ગયેલા પિતૃ દેવતાઓનું આ દિવસે શ્રાદ્ધ કરવામાં આવે છે. ખાસ કરીને નાની ઉંમરમાં આ રીતે ગયેલા સ્વજનનું શ્રાદ્ધ થાય છે. આ દિવસે તેમને ઉદેશીને શક્ય હોય તો તર્પણ અને પિંડદાન સાથે શ્રાદ્ધ કરવું જોઈએ. પરંતુ સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિનું ચૌદશના કુદરતી મૃત્યુ થયું હોય તો આ દિવસે તેનું શ્રાદ્ધ થઈ શકે નહીં. પરંતુ તેમનું શ્રાદ્ધ અમાસના કરવાનું હોય છે. માત્ર અને માત્ર અકારણ મૃત્યુ થયું હોય તેનું જ શ્રાદ્ધ ચૌદશના થઈ શકે છે.

શ્રાદ્ધ - સરિતા :-દેવેન કનકચંદ્ર વ્યાસ

# રાજ્યમાં વસ્તીના ધોરણો મુજબ નવા આંગણવાડી કેન્દ્રો શરૂ કરવા સૂચના



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ રાજકુમારની અધ્યક્ષતા હેઠળ સ્ટેટ લેવલ મોનિટરીંગ અને રિવ્યુ કમિટી (એસએલએમઆરસી) તેમજ પોષણ અભિયાન હેઠળની સ્ટેટ લેવલ સેકસનિંગ કમિટી (એસએલએસસી) અને કન્વર્ઝન કમ રિવ્યુ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ સભ્યો, ધારાસભ્યો સંબંધિત વિભાગના સચિવ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ કે.કે. નિરાલા દ્વારા રાજ્યમાં પોષણમાસ દરમ્યાન થયેલી વિશેષ કામગીરીની વિગતો આપવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ અભિયાન ૨.૦, મિશન શક્તિ અને મિશન વાત્સલ્યના અમલીકરણ અંગે વિવિધ ચર્ચાઓ કરાઈ હતી. ત્યારબાદ સચિવ દ્વારા રાજ્યના લાભાર્થીઓને અપાતી સેવાઓ અને તેના કવરેજ અંગે માહિતી આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈ મુખ્ય સચિવે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં લાભાર્થીના કવરેજનું એનાલિસિસ કરીને વધુમાં વધુ કવરેજ થઈ શકે તે માટે પ્રયત્નો કરવા સૂચનાઓ આપી હતી. મુખ્ય સચિવે વસ્તીના ધોરણોને ધ્યાને રાખી જરૂરિયાત મુજબ નવા આંગણવાડી કેન્દ્રો રાજ્ય સરકારના ૧૦૦ ટકા ફાળા સાથે શરૂ કરવા માટે સૂચનાઅઆપી હતી. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, પોષણ ટ્રેકરમાં પૂરક પોષણના કવરેજમાં ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોની સરખામણીએ સરાહનીય કામગીરી કરી રહ્યું છે. તેમણે મમતા દિવસના રોજ રાજ્યની કિશોરીઓનું હિમોગ્લોબિન સ્ક્રીનિંગ કરવા પણ ભાર મૂક્યો હતો. તેમણે કુપોષણને નાથવા માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટાડવા કુપોષિત બાળકો અને તેની સંખ્યાનું સતત મોનિટરીંગ કરવા સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત કમિટીના સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નોને ધ્યાને લઈ તેનો ઝડપી ઉકેલ લાવવા માટે મહિલા અને બાળ વિકાસના સચિવ દ્વારા ખાતરી આપવામાં આવી હતી

# કોવિડ પછી સંધિવા અને શરીરના દુઃખાવાની ફરિયાદ કરનારામાં ૩૦થી ૫૦ વર્ષની મહિલાઓનું પ્રમાણ વધુ : ડોક્ટર્સના અહેવાલ

અમદાવાદ તા.૧૩

૧૨ ઓક્ટોબરનો દિવસ એટલે 'વિશ્વ સંધિવા દિવસ'. વિશ્વમાં સંધિવા વિશે જાગરૂકતા વધારવા માટે દર વર્ષે આ દિવસે તેની ઉજવણી કરવામાં આવે છે. ફરીદાબાદ શહેરની સર્વોદય હોસ્પિટલના વરિષ્ઠ સલાહકાર ડૉ.ગૌરવ સેઠ, રૂમેટોલોજીસ્ટે સોમવારે વિશ્વ સંધિવા દિવસે જણાવ્યું હતું કે, 'રોગચાળા પછીના સમયમાં કોવિડ દર્દીઓમાં, રોગપ્રતિકારક શક્તિની વિકૃતિઓથી થતાં રૂમેટોઇડ આથરાઈટીસ (સંધિવા) જેવા કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે, આ રોગમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ, શરીરના તંદુરસ્ત કોષો ઉપર હુમલો કરે છે, જેના કારણે શરીરમાં બળતરા અને શરીરના અમુક ભાગોમાં પીડાદાયક સોજો આવે છે. છેલ્લા બેત્રણ વર્ષથી સંધિવા, લ્યુપસ, ગાઉટ અને સરકોઈડોસિસ જેવા વિવિધ પ્રકારના રોગોમાં અગાઉ કરતાં બેથી ત્રણ ગણો વધારો જોવા મળી રહ્યો છે. જેનું કારણ આપતા ડોક્ટરે જણાવ્યું હતું કે, SARS-CoV-2ના લીધે કોવિડના ચેપનું કારણ બનેલા વાયરસે આપણી રોગપ્રતિકારક શક્તિમાં ફેરફાર કર્યો છે જેના લીધે ઘણા કોવિડ દર્દીઓને સંધિવા થયો અને તે દર્દીઓ સાંધા અને શરીરના દુખાવાથી પીડાઈ રહ્યા છે. આ રોગ ૩૦-૫૦ વર્ષની વયની મહિલાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. જામા નેટવર્ક ઓપનમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે, દક્ષિણ કોરિયન સંશોધકોએ તેમના તાજેતરના અભ્યાસમાં કોવિડ-૧૯ ચેપ પછી બહુવિધ નવી-પ્રારંભિક સ્વયંની રોગપ્રતિરક્ષા અને સ્વયંસંચાલિત સંબંધિત-માસપેશીની અવ્યવસ્થાનું જોખમ દર્શાવવામાં આવ્યું છે. કોવિડ દર્દીઓ ખાસ કરીને ગંભીર ચેપ ધરાવતા લોકોમાં સંધિવા, પુખ્ત વયના લોકોમાં સ્ટિલ ડિસીઝ (એક દુર્લભ પ્રકારનો સંધિવા), સેજોગ્રેન સિન્ડ્રોમ, એન્કીલોઝિંગ સ્પોન્ડિલિટિસનું જોખમ વધી ગયું હતું અને સારકોઈડોસિસ (શરીરમાં બળતરા કોશિકાઓના નાના સંગ્રહની વૃદ્ધિ) બહાર આવ્યું છે. કોવિડ સાથેના રોગો એક સામાન્ય માર્ગનું અસ્તિત્વ સૂચવે છે, જેમાં અતિશય સાયટોકાઈન તોફાનો સામેલ હોઈ શકે છે જે લાંબા સમય સુધી સ્વયંરોગપ્રતિરક્ષા પ્રતિભાવો તરફ દોરી જાય છે. જે દરેક રોગના ચોક્કસ અંતર્ગત પેથોફિઝિયોલોજીને ટાર્ગેટ કરે છે. સી.કે. બિરલા હોસ્પિટલ (આર), દિલ્હીના ઓર્થોપેડિક્સ વિભાગના ડિરેક્ટર ડૉ.અશ્વની મૈચંદએ કહ્યું હતું કે, શરૂઆતમાં કોવિડને સામાન્ય ફેફસાંમાં પલ્મોનરી સિસ્ટમના રોગ તરીકે માનવામાં આવતો હતો પરંતુ પછીથી તે જાણવા મળ્યું કે તે શરીરની રોગપ્રતિકારક શક્તિ સાથે ચેડાં કરે છે જે એક મુખ્ય પરિબળ છે કે, કોવિડ પછી હાલમાં સ્વયંપ્રતિરક્ષા રોગો વધી રહ્યા છે. કોવિડ દરમ્યાન સ્ટેરોઈડ્સના વ્યાપક ઉપયોગને પણ જવાબદાર ઠેરવ્યો, જેના કારણે દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ વધુ ઓછી થઈ અને ત્યારબાદ કોવિડ પછી સ્વતઃ રોગપ્રતિકારક રોગોમાં વધારો થયો. ડો. શેઠે જણાવ્યું હતું કે,



રોગચાળા પહેલા પણ આયુષ્યમાં વધારો થવાને કારણે ભારતમાં સંધિવાના કેસ, સતત વધી રહ્યા હતા. બેઠાડુ જીવન, ગંદી આદતો, જંક ફૂડ અને પ્રોસેસ્ડ ફૂડનો વધતો વપરાશ જેવા કારણોને લીધે પણ સંધિવાના કેસોની સંખ્યામાં વધારો થયો છે પણ સંધિવાના વધતા કેસ માટે જવાબદાર છે, કારણ કે, ખરાબ ખોરાકની આદતો આંતરડાના માઈક્રોબાયોમ (ચોક્કસ વાતાવરણમાં સૂક્ષ્મ જીવો)ને નકારાત્મક રીતે બદલી શકે છે. સંધિવાના દર્દીની આંતરડાની માઈક્રોબાયોમ, સ્વસ્થ લોકો કરતા ઘણી અલગ હોય છે. તેથી ખરાબ ખાનપાન સંધિવાનું મોટું કારણ છે ધુમ્રપાન પણ સંધિવાના દર્દીઓ માટે જોખમ છે. સારી જીવનશૈલી થકી જ આ રોગને દૂર રાખી શકાય છે. વધુમાં ડો. શેઠે ઉમેર્યું કે, જૈવિક દવાઓએ દર્દીઓને આશાનું કિરણ બતાવ્યું છે. જેનાથી રૂમેટોઇડ સંધિવાના દર્દીઓમાં સાંધાના નુકસાન અને સાંધાની વિકૃતિઓમાં ભારે ઘટાડો થયો છે અને રૂમેટોઇડ વેસ્ક્યુલાટીસ (રક્ત વાહિનીઓની બળતરા) જેવી જટિલતાઓ જે પહેલા સામાન્ય હતી તે દુર્લભ બની ગઈ છે. જૈવિક દવાઓ હવે મુખ્યપ્રવાહ બની રહી છે. પરંપરાગત દવાઓની સરખામણીમાં તે મોંઘી હોવા છતા લોકોને ખરીદવી પડી રહી છે.

# લેબેનોનના હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે પણ ગોળીબાર જારી : સંખ્યાબંધ મૃત્યુ

(એજન્સી) તા.૧૩

ઈઝરાયેલના સૈનિકોએ રવિવારે ઈઝરાયેલની દક્ષિણમાં હમાસ લડવૈયાઓ સાથે યુદ્ધ શરૂ કર્યું છે અને ઉત્તરમાં લેબેનોનના હિઝબોલ્લાહ પ્રતિકાર જૂથ સાથે પણ લડત આપી રહ્યા છે. ઈઝરાયેલના જવાબી હુમલાઓએ ગાઝામાં ઈમારતો નષ્ટ થઈ છે. ગાઝામાંથી અભૂતપૂર્વ આશ્ચર્યજનક હુમલાના એક દિવસ પછી હિઝબુલ્લાહ લડાઈમાં જોડાશે તેવી સંભાવનાએ વ્યાપક સંઘર્ષની શક્યતાઓ ઊભી કરી છે. હમાસના લડવૈયાઓએ હજારો રોકેટ છોડ્યા હતા અને તેઓએ મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત બંદીઓને લઈ ગયા હતા. ઈઝરાયેલના વડા પ્રધાને કહ્યું કે દેશ યુદ્ધમાં છે. ઈઝરાયેલી મીડિયાએ બચાવ સેવાના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે, ૨૬ સૈનિકો સહિત ઓછામાં ઓછા ૩૦૦ લોકો માર્યા ગયા હતા. ગાઝામાં ઓછામાં ઓછા ૨૫૦ લોકો માર્યા ગયા હતા અને નાગરિકો બંને બાજુની હિંસા માટે કિંમત ચૂકવી રહ્યા છે. ગાઝામાં, રહેવાસીઓ ઈઝરાયેલી હુમલાથી બચવા માટે સરહદ નજીકના ઘરો છોડીને ભાગી ગયા હતા. ઈઝરાયેલના રિયર એડમ ડેનિયલ હગારીએ પત્રકારોને જણાવ્યું હતું કે, "સેંકડો પ્રતિકાર જૂથો" માર્યા ગયા છે અને ડઝનેક પકડાયા છે. ઈઝરાયેલ અને ગાઝાના હમાસ શાસકો વચ્ચેના અગાઉના સંઘર્ષોએ ગાઝામાં વ્યાપક વિનાશ કર્યો છે. આજે પરિસ્થિતિ હવે સંભવિતપણે વધુ અસ્થિર છે. હિઝબોલ્લાહે સીરિયાની ગોલાન હાઈટ્સ સાથેની સરહદે વિવાદિત વિસ્તારમાં ઈઝરાયેલ ઉપર હુમલો કર્યો અને ઈઝરાયેલની સૈન્યએ આ વિવાદિત વિસ્તારમાં ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે, તેના દળો આઠ સ્થળોએ હમાસના આક્રમણ સામે લડી રહ્યા છે. ઈઝરાયેલના લશ્કરી પ્રવક્તાએ જણાવ્યુ હતુ કે, ઈઝરાયેલે ગાઝામાં ૪૨૬ લક્ષ્યાંકો ઉપર હુમલો કર્યો છે. રહેણાંક ઈમારતોને નષ્ટ કરી છે. તેમાં ૧૪ માળનો ટાવર શામેલ છે. જેમાં ડઝનેક એપાર્ટમેન્ટ્સ તેમજ સેન્ટ્રલ ગાઝા સિટીમાં હમાસની ઓફિસ હતી. ઈઝરાયેલી દળોએ થોડા સમય પહેલાં જ ચેતવણી આપી હતી. ગાઝામાં માર્યા ગયેલા ૨૫૬માં ૨૦ બાળકો હતા અને ૧,૮૦૦ જેટલા ઘાયલ થયા હતા. પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ૨૦,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનોએ ગાઝાનો સરહદી વિસ્તાર છોડીને પ્રદેશની અંદર આગળ વધવા અને યુએનની શાળાઓમાં આશરો લીધો છે. ઈઝરાયેલી મીડિયાએ જણાવ્યું હતું કે હુમલામાં ઓછામાં ઓછા ૩૦૦ લોકો માર્યા ગયા હતા અને ૧,૫૦૦ ઘાયલ થયા હતા. હમાસના લડવૈયાઓએ અજાણ્યા નાગરિકો અને સૈનિકોને ગાઝામાં બંદી બનાવી લીધા હતા. હિઝબોલ્લાહે વિવાદિત વિસ્તારમાં ત્રણ ઈઝરાયેલી પોઝિશન્સ ઉપર ડઝનેક રોકેટ અને શેલ છોડ્યા હતા અને ઈઝરાયેલની સૈન્યએ લેબનીઝ વિસ્તારોમાં સશસ્ત્ર ડ્રોનનો ઉપયોગ કરીને વળતો ગોળીબાર કર્યો હતો. ઈઝરાયેલ અને હિઝબોલ્લાહે ભૂતકાળમાં ઘણા યુદ્ધો લડ્યા છે, સૌથી તાજેતરનો ૩૪ દિવસનો સંઘર્ષ ૨૦૦૬માં થયો હતો જેમાં લેબનોનમાં ૧,૨૦૦ અને ઈઝરાયેલમાં ૧૬૦ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલની ઉત્તરીય સરહદે મહિનાઓથી તણાવ વધી રહ્યો છે. શનિવારે રાત્રે એક ટેલિવિઝન સંબોધનમાં, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ કહ્યું કે, સૈન્ય હમાસની ક્ષમતાઓને નષ્ટ કરવા માટે તેની તમામ તાકાતનો ઉપયોગ કરશે. હમાસ જે સ્થળોએ છુપાયેલું છે, જ્યાંથી કામ કરે છે, અમે તેને ખંડેરમાં ફેરવીશું. ૨૦૦૭માં હમાસના પ્રતિકાર જૂથે નિયંત્રણ મેળવ્યું ત્યારથી ગાઝાના ૨.૩ મિલિયન લોકોએ સરહદ નાકાબંધી સહન કરી રહ્યા છે. ગાઝામાં, ઈઝરાયેલે વીજળી કાપી નાખતા રાત્રે મોટાભાગની વસ્તીમાં અંધકાર થઈ ગયો હતો. નેતાન્યાહુના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈઝરાયેલ ગાઝાને વીજળી, ઈંધણ અને સામાનની સપ્લાય બંધ કરશે. હોસ્પિટલના વરિષ્ઠ અધિકારી તાલ બર્ગમેને જણાવ્યું હતું કે, તાજેતરમાં પ્રતિકાર જૂથોએ ગાઝાથી વધુ રોકેટ છોડ્યા હતા. હમાસની લશ્કરી પાંખના નેતા, મોહમ્મદ ડેઈફે જણાવ્યું હતું કે, આ હુમલો ગાઝાની ૧૬-વર્ષની નાકાબંધીના જવાબમાં હતો. ઈઝરાયેલની સરકારે કબજા હેઠળના વેસ્ટ બેન્કમાં વસાહતના બાંધકામને વેગ આપ્યો છે, ઈઝરાયેલી વસાહતી હિંસાએ ત્યાં સેંકડો પેલેસ્ટિનીઓને વિસ્થાપિત કર્યા છે અને અલ-અકસા મસ્જિદમાં પણ તણાવ છે, જે જેરૂસલેમમાં એક પવિત્ર સ્થળ છે. તેમણે રેકોર્ડ કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે, આ હુમલો "ઓપરેશન અલ-અકસા સ્ટોર્મ" છે અને પૂર્વ જેરૂસલેમથી ઉત્તર ઈઝરાયેલ સુધીના પેલેસ્ટિનિયનોને આ લડાઈમાં જોડાવા હાકલ કરી હતી.

# વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતીય અર્થતંત્ર ૬.૩ ટકાના દરે વૃદ્ધિ પામશે : વિશ્વ બેંક

નવી દિલ્હી તા.૧૩

વિશ્વ બેંકના તાજેતરમાં જાહેર કરાયેલા અહેવાલ અનુસાર, મૂડીરોકાણ અને સ્થાનિક માંગને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૬.૩ ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. પડકારરૂપ વૈશ્વિક વાતાવરણની પૃષ્ઠભૂમિ સામે ભારતે પોતાની સ્થિતિ જાળવી રાખી છે. ભારત દક્ષિણ એશિયા ક્ષેત્રનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે, તેમાં ૨૦૨૩-૨૪માં વૃદ્ધિ ૬.૩ ટકાના દરે મજબૂત રહેવાની ધારણા છે. વર્લ્ડ બેંકના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટમાં જણાવ્યું હતું કે, ફુગાવા અંગે ખાદ્યપદાર્થોના ભાવ સામાન્ય થતાં અને સરકારી પગલાં ચાવીરૂપ ચીજવસ્તુઓનો પુરવઠો વધારવામાં મદદ કરતા હોવાથી તે ધીમે-ધીમે ઘટવાની અપેક્ષા છે. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, દક્ષિણ એશિયામાં આ વર્ષે ૫.૮ ટકા વૃદ્ધિ થવાની ધારણા છે જે વિશ્વના કોઈપણ અન્ય વિકાસશીલ દેશના ક્ષેત્ર કરતાં વધુ છે, પરંતુ તે વિકાસ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે પૂરતી ઝડપી નથી. ભારતમાં અપેક્ષા કરતાં વધુ મજબૂત ડેટાને કારણે ૨૦૨૩માં વૃદ્ધિ ૦.૨ ટકા પોઈન્ટ્સ દ્વારા અપગ્રેડ કરવામાં આવી છે. દક્ષિણ એશિયા એ વૈશ્વિક અર્થતંત્રમાં એક મહત્ત્વનું સ્થાન છે. વિશ્વ બેંક આગાહી કરે છે કે, આગામી કેટલાક વર્ષોમાં આ ક્ષેત્ર અન્ય વિકાસશીલ દેશના ક્ષેત્રો કરતા વધુ ઝડપથી વિકાસ પામશે. જો કે, ભારતની મહામારી પછીની આર્થિક પુર્નઃપ્રાપ્તિ હવે નિસ્તેજ થઈ રહી છે, તેમ છતાં વૃદ્ધિ અન્ય મોટા ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો (EMDEs) કરતાં વધુ મજબૂત રહેવાની અપેક્ષા છે. FY2023-24માં આઉટપુટ ૬.૩ ટકા અને FY2024-25માં ૬.૪ ટકા વધવાની આગાહી કરવામાં આવી છે. ઘરેલું માંગ ખાસ કરીને મૂડીરોકાણ ઉપર નાણાકીય નીતિ કડક થવાની અસર આગામી વર્ષમાં રહેશે. ધીમી વૈશ્વિક માંગ અને વધતા વ્યાજ દરોની અસરો ભારતના નાણાકીય અને કોર્પોરેટ ક્ષેત્રોની તંદુરસ્ત બેલેન્સ શીટ સાથે ઘટશે. વિદેશની ઓછી માંગ અને વૃદ્ધિના પરિણામે મર્ચેન્ડાઈઝ નિકાસની વૃદ્ધિ ધીમી રહેવાની ધારણા છે. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, ભારતમાં ૨૦૨૩ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ઉત્પાદન વૃદ્ધિને રોકાણના મજબૂત વિસ્તરણ અને ક્ષેત્રીય સ્તરે સેવાઓનો ટેકો મળ્યો હતો. સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સે બાંધકામ ક્ષેત્રની ગતિને ટેકો આપ્યો છે, જે તાજેતરના ત્રિમાસિક ગાળામાં લગભગ ૧૦ ટકાના દરે વર્ષ-દર-વર્ષે વૃદ્ધિ પામ્યો છે. નિકાસ વૃદ્ધિને સેવાઓની વધુ નિકાસથી ફાયદો થયો છે. ભારતનો સર્વિસીસ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) ઓગસ્ટમાં ૬૨.૩ ઉપર પહોંચ્યો હતો, જે વૈશ્વિક ઈન્ડેક્સ કરતાં લગભગ ૧૦ પોઈન્ટ વધુ છે. રોજગાર સૂચકાંકો નબળા રહ્યા છે, તેમ છતાં યોગ્ય નીતિઓ સાથે દેશની આર્થિક વૃદ્ધિ વધુ રોજગાર સર્જન પ્રદાન કરી શકે છે. ભારતમાં વિક્ષેપજનક ચોમાસાના કારણે ખાદ્યપદાર્થોના ભાવમાં તાજેતરમાં નોંધપાત્ર વધારો થયો તે પહેલાં ફુગાવો ફુગાવાના લક્ષ્યાંકની ઉપરની સીમાથી નીચે તરફ આગળ વધી રહ્યો હતો. સરકારે મોટાભાગના ચોખા ઉપર નિકાસ પ્રતિબંધ લાગુ કર્યો છે. ભારતીય રિઝર્વ બેંકે ગયા વર્ષે વ્યાજદરમાં નોંધપાત્ર વધારો કર્યો હતો અને આ ફેબ્રુઆરીથી તેને સ્થિર રાખ્યો છે. બેંક અનુસાર, ભારતમાં નાણાકીય ક્ષેત્રે તાણના અમુક સંકેતો છે. બેંક બેલેન્સ શીટ્સ અને કોર્પોરેટ લીવરેજ રેશિયોમાં તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર સુધારો થયો છે.

## અમેરિકામાં ભારતીય મૂળના બે વ્યક્તિ કરોડો ડોલરના કોરોના ફંડમાં છેતરપિંડીના દોષી જાહેર

(એજન્સી) તા.૧૩

અમેરિકામાં ભારતીય મૂળના બે લોકોએ દેશમાં કોરોના મહામારી પછી આર્થિક સહાયતા યોજના હેઠળ લોન મેળવી કરોડો ડોલરની છેતરપિંડી યોજનામાં ભાગ લેવાનો આરોપ સ્વીકારી લીધો છે. ન્યાય વિભાગે એક નિવેદનમાં જણાવ્યું કે હ્યુસ્ટનના ૪૧ વર્ષીય નિશાંત પટેલ અને ૪૯ વર્ષીય હરજીત સિંહ અને ત્રણ અન્ય લોકો વધુ વ્યવસાય પ્રશાસનના ક્ષમ્ય પેચેક પ્રોટકેશન પ્રોગ્રામ લોનોમાં છેતરપિંડીથી લાખો ડોલર મેળવવા અને તેનો કાયદેસર બનાવવામાં લાગેલા છે. તેમણે SBA અને કેટલાક SBA-અનુમોદિત PPP લોનદાતાઓને ખોટા અને છેતરપિંડીવાળા PPP લોન અરજી જમા કરવાની વાત સ્વીકારી.

# પંજાબ : ભારત-કેનેડા વિવાદને લીધે વિદ્યાર્થીઓ, વિદેશી સલાહકારોમાં વિઝા અંગે ભયનો માહોલ છે

જલંધર, તા.૧૩

લગભગ એક અઠવાડિયા પહેલા પંજાબના NRI-પ્રભુત્વ ધરાવતા જલંધર જિલ્લાના મનપ્રીત સિંઘ એ IELTS (ઈન્ટરનેશનલ ઈંગ્લીશ લેંગ્વેજ ટેસ્ટિંગ સિસ્ટમ) પરીક્ષાની તૈયારી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જો કે, ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલ રાજદ્વારી વિવાદ તેની ચિંતાનું કારણ બની રહ્યો છે, કારણ કે, બંને દેશો વચ્ચે ઝડપથી બદલાતા માહોલને જોતા તેમના માટે ભવિષ્ય શું છે તે અંગે તેઓ અનિશ્ચિત છે. મનપ્રીતની જેમ અંગ્રેજી ભાષાની નિપુણતાની પરીક્ષામાં પાસ થવા માટે પંજાબમાં કોચિંગ ક્લાસમાં ભાગ લેનારા ઘણા લોકો હવે ચિંતિત છે. આ વિદ્યાર્થીઓની જેમ IELTS કોચિંગ સેન્ટરો પણ અનિશ્ચિતતાના વાદળો વચ્ચે તેમના વર્ગો ચલાવી રહ્યા છે. તેઓ કહે છે કે, અમે સાવધાન છીએ. અમે ઈચ્છીએ છીએ કે ભારત અને કેનેડા વચ્ચેનો આ તણાવ શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત થવો જોઈએ. જો પરિસ્થિતિ ખરાબ થશે, તો હું ઓસ્ટ્રેલિયા અથવા યુકે માટે યોજના બનાવીશ. પરંતુ કેનેડા મારી પ્રથમ પસંદગી છે. નોંધનીય છે કે, કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના ચોંકાવનારા આરોપને પગલે ભારત અને કેનેડાના રાજદ્વારી સંબંધો વણસ્યા હતા. તેઓએ આરોપ કર્યો છે કે, કેનેડિયન નાગરિક અને ખાલિસ્તાની કાર્યકર્તા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતના એજન્ટો સામેલ હોઈ શકે છે. ભારતે ટ્રુડોના દાવાઓને 'વાહિયાત' અને 'રાજકીય રીતે પ્રેરિત' ગણાવીને સખત રીતે નકારી કાઢ્યા છે. આ ઘટનાક્રમ બાદ ભારત સરકારે એક એડવાઈઝરી બહાર પાડી અને તેના નાગરિકોને કેનેડાના અમુક ભાગોમાં મુસાફરી કરવાનું ટાળવા કહ્યું હતું. ભારત-કેનેડા વચ્ચેની મડાગાંઠ એ દેશના બાકીના લોકો માટે ચિંતાનો વિષય ન હોઈ શકે પણ પંજાબના શહેરોના બજારો સુધીની તે અંગે નિયમિત વાતચીત રહી છે. આ કટોકટી કામ અને અભ્યાસ માટે કેનેડા જવા ઈચ્છતા લોકો પર અસર કરી શકે છે. બસ સ્ટેન્ડની આસપાસનો લગભગ આખો વિસ્તાર જ્યાંથી બસો નજીકના ગામો સુધી જાય છે, ત્યાં કેનેડા, યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા, જર્મની, ન્યુઝીલેન્ડ અને મધ્ય-પૂર્વમાં ઈમિગ્રેશન સેવાઓ પ્રદાન કરતા સલાહકારોથી ભરેલો છે. ત્યાં સંખ્યાબંધ IELTS કોચિંગ સેન્ટરો પણ છે. અહીના યુવાનોમાં કેનેડા પહોંચવાનો એવો ક્રેઝ છે કે, IELTS કોચિંગ સેન્ટરો અને વિઝા કન્સલ્ટન્સીના વોલ-સાઈઝ બિલબોર્ડ હવે પંજાબના લગભગ દરેક ગામડાઓમાં જોઈ શકાય છે. વિદ્યાર્થીઓના સલાહકાર કહે છે કે, અમે પણ મૂંઝવણમાં છીએ. અમે IELTS કોચિંગ ક્લાસ લેવાનું બંધ કરી શકતા નથી. તે એક મુશ્કેલ પરિસ્થિતિ છે. કેનેડાએ અમારા ભાઈ-બહેન અને મિત્રોના જીવનને આકાર આપ્યો છે. અમારા માટે તે જીવનમાં ઉત્કૃષ્ટ બનવા અને સારી કમાણી કરવાનો નિશ્ચિત માર્ગ છે. આ વિદ્યાર્થીઓ જેઓ હાલમાં IELTS કોચિંગ લઈ રહ્યા છે, તેઓ જાન્યુઆરી ૨૦૨૪ના ઈન્ટેક દરમ્યાન તેમની કોલેજોમાં જોડાશે. કેનેડામાં પ્રવેશ વાર્ષિક ધોરણે જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બરમાં યોજવામાં આવે છે. જલંધર સ્થિત એજ્યુકેશન-કમ-વિઝા કન્સલ્ટન્ટ્સ સંદીપ સિંહ અને પરમેશ્વરે જણાવ્યું હતું કે હાલમાં અનિશ્ચિતતા છે. અમે ફાઈલોને હોલ્ડ ઉપર મૂકી દીધી છે. માત્ર સ્ટડી વિઝા જ નહીં, અમે કેનેડા માટે ટૂરિસ્ટ વિઝા અને સ્કિલ્ડ કેટેગરીના વિઝા માટેની અરજીઓ પણ લઈ રહ્યા નથી. છેલ્લા અઠવાડિયામાં અરજદારોની પૂછપરછની સંખ્યામાં વધારો થયો છે. લોકો મૂંઝવણમાં છે. વિદ્યાર્થીઓ પણ ચિંતિત છે, તેઓ જાન્યુઆરી ૨૦૨૪ માટે અરજી કરવા માટે ત્રણ મહિના બાકી છે. અમે આશા રાખીએ છીએ કે આ મડાગાંઠ સમાપ્ત થઈ જશે અને પરિસ્થિતિ સુધરશે. એજ્યુકેશન કન્સલ્ટન્ટે કહ્યું હતું કે, ભારત-કેનેડા વચ્ચેના મડાગાંઠને લીધે સમગ્ર ભારતમાં લગભગ પાંચ લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ ઉપર છે. લગભગ પાંચ લાખ સ્ટુડન્ટ વિઝા અરજીઓ હજુ સુધી અરજી કરવાની બાકી છે. ગયા વર્ષે પણ ભારતમાંથી કુલ સ્ટડી વિઝા અરજીઓની સંખ્યા ૨.૬૫ લાખ હતી જેમાંથી ૧.૩૨ લાખ પંજાબમાંથી હતી. તે કેનેડા જતા વિદ્યાર્થીઓનું પ્રમાણ દર્શાવે છે.

**વિદ્યાર્થીઓને પણ ભારત-કેનેડા વચ્ચે વિવાદના વહેલા ઉકેલની આશા છે :-**

IELTS પરીક્ષા મહિનામાં બે વાર શનિવારે લેવામાં આવે છે. ૨૩મી સપ્ટેમ્બરે પણ વિદ્યાર્થીઓ એકેડેમિક IELTS, સ્ટુડન્ટ વિઝા માટે ફરજિયાત અને વર્ક પરમિટ અને પરમેનન્ટ રેસિડન્સી (PR) માટે જનરલ IELTS માટે મોટી સંખ્યામાં આવ્યા હતા. તેઓ કહે છે કે, હું ભારતકેનેડાના તણાવથી વાકેફ છું, પરંતુ મારી પ્રાર્થના છે કે, પરિસ્થિતિ જલ્દી સામાન્ય થઈ જાય. શરૂઆતમાં જ્યારે ભારત સરકારે કેનેડામાં ભારતીયો માટે વિઝા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારે અમે કેનેડા તરફથી પણ આવી જ પ્રતિક્રિયાની અપેક્ષા રાખી હતી. અમને ખુશી છે કે, આ તણાવ છતાં કેનેડાએ આવી કોઈપણ કાર્યવાહી ટાળી છે. ભારત સરકારે આ મામલાને ઉકેલવો જોઈએ, અમારૂં ભવિષ્ય દાવ પર છે.

**કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ :-**

સીબીસીના અહેવાલ મુજબ, સરકારના આંકડાઓ અનુસાર કેનેડાએ ગયા વર્ષે આઠ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પરમિટ આપી હતી. ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં કેનેડામાં લગભગ નવ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ હશે. નવી ૨૦૨૩- ૨૦૨૫ ઈમિગ્રેશન યોજના હેઠળ, કેનેડાએ ૨૦૨૩માં ૪,૫૬,૦૦૦ કાયમી રહેવાસીઓને, ૨૦૨૪માં ૪,૮૫,૦૦૦ અને વર્ષ ૨૦૨૫માં ૫,૦૦,૦૦૦ લોકોને આમંત્રિત કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. અત્યાર સુધીમાં સમગ્ર ભારતમાંથી અન્ય પાંચ લાખ વિદ્યાર્થીઓ જાન્યુઆરી ૨૦૨૪ સુધી કેનેડા જવા માટે તૈયાર છે જેમાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓ પંજાબના છે.

# જૂનાગઢમાંથી આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરનો પર્દાફાશ :૧૦ ઝડપાયા

## જૂનાગઢમાં લક્ષ્મીનગર ખાતે આવેલ ઈસાન પ્લેટીનીયમમાં બ્લોક ભાડે રાખી બહારના રાજયના સ્ત્રી - પુરૂષોને પગારદાર તરીકે રાખી એમેઝોન તથા પેપલ એપ્લીકેશના નામે અમેરીકામાં વસતા નાગરીકોના બેંક એકાન્ટમાંથી પૈસા ઉપાડી લઈ છેતરપીંડી કરતા હતા



જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ રેન્જના બાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પ્રવર્તમાન સમયમાં ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન ઠગાઈના બનાવો તથા સાયબર ક્રાઈમના ગુનાઓમાં વધારો થયેલ હોય, જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પો.ઈન્સ. જે.જે. પટેલ તથા પીએસઆઈ જે.જે.ગઢવી તથા ડી. કે. ઝાલા તથા પો. સ્ટાફના માણસો ઓનલાઈન ફ્રોડના ગુનાઓ બાબતે વોચ તપાસમાં રહી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામી દેવા ટેક્નીકલ સોર્સ તથા હયુમન ઈન્ટેલીજન્સની મદદથી સતત પ્રયત્નશીલ હોય, દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ તથા પોલીસ કોન્સ. સાહિલભાઈ સમાને સયુકતમાં ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે, મૂળ ગામ તાવી તા.લખતર જી. સુરેન્દ્રનગર હાલ અમદાવાદ ખાતે રહેતો હરજીતસિંહ છત્રપાલસિંહ રાણા પોતાના કાકાના દિકરા ઈન્દ્રજીતસિંહ મહાવીરસિંહ રાણા રહે.અમદાવાદ તથા જયલ પટેલ રહે.અમદાવાદ તથા જયલ પટેલ રહે. અમદાવાદ વાળાઓ સાથે મળી જૂનાગઢ, લક્ષ્મીનગર, આલ્ફા સ્કુલ-૧ પાસે, ઈશાન પ્લેટીનીયમ એપાર્ટમેનો છઠા માળે આવેલ બ્લોક નં.૬૦૧ તથા ૬૦૪ ભાડે રાખી આ બંને બ્લોકમાં બહારના રાજયમાંથી સ્ત્રીઓ તથા પુરૂષોને બોલાવી તેમને પગારદાર તરીકે રાખી અમેરિકા ખાતે રહેતા લોકોને એમેઝોન તથા પેપલના ખોટા મેસેજ મોકલી તેમાં કસ્ટમર નંબર મોકલી જેમાં મેસેજ રીસીવ કરનાર વ્યકિત કસ્ટમર નંબર પર કોલ પેપલના ખોટા મેસેજ મોકલી તેમાં કસ્ટમર નંબર મોકલી જેમાં મેસેજ રીસીવ કરનાર વ્યક્તિ કસ્ટમર નંબર ઉપર કોલ કરતા **"eyeBeam"** નામના ડીવાઈસ /એપ્લીકેશનની મદદથી રાખેલ બહારના રાજ્યનાં માણસો મારો લેપટોપમાં કોલ રીસીવ કરી એમઝોનમાં આપેલ ઓર્ડર કેન્સલ કરાવવાના બહાના હેઠળ તથા પેપલ પેમેન્ટ ગેઈટ-વે મારફત કપાત થયેલ પૈસા રીફંડ કરવાનું જણાવી તેમની પાસેથી બેંક એકાઉન્ટની માહીતી મેળવી કોલ કરનારની જાણ બહાર તેમના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આર્થિક ફાયદો મેળવી ઓનલાઈન ઠગાઈ કરી કરાવડાવી ગેરકાયદેસર રીતે ભાગીદારીમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવે છે.'' જે હકીક્તના આધારે ઉપરોક્ત ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવતા સ્ત્રી પુરૂષો મળી આવતા ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવવા માટે ઉપયોગમાં લેવાતા ઉપકરણો તથા મોબાઈલ તથા રોકડા રૂપીયા કબ્જે કરી તમામ સ્ત્રી /પુરૂષોને હસ્તગત કરી આગળની કાર્યાવાડી અર્થે જૂનાગઢ, બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આઈ.પી.સી. કલમ ૪૧૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈ.ટી એકટ ૬૬(સી), ૬૬(ડી) મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

પકડાયેલા આરોપીઓમાં (૧) ખેહોટો સ/ઓ ખેતોઈ ખુતોવી એય ઉ.વ. ૩૧ રહે. બીપીઓ સુરૂહુટો, એચકયુ, નાલટોકા, ઝુન્હેબોટો, નાગાલેન્ડ-૭૯૮૬૨૦) (૨) વુન્ગયુગ સ / ઓ ચીહાનપમ નેગાપાઈખુઈ કસર, ઉ.વ.૨૭, રહે.લમ્બુઈ, તા.જી. ઉખરૂલ, મણીપુર-૭૯૫૧૪૨, (૩) મશુરીંગ સ/ઓ ફુંગ્યો નાગચૌનવા રોગ્સુન્ગ, ઉ.વ.૨૭, રહે.દક્ષિણ દિલ્હી, (૪) વોરથન સ/ઓફ બિગથાન ખુઈમી આંગ સુઈલંગ, ઉ.વ.૨૦, રહે.મણીપુર, (૫) દેવરાજસિંહ બાબુભા રાણા, ઉ.વ.૨૬, મુ.તાવી, તા.લખપત, જી. સુરેન્દ્રનગર, (૬) રોકોમેના ડો/ઓ હોલ્ટોકીન ઉ.વ.૨૬, ચુચુકેડીમા, તેન્યાફે, દિમાપુર, નાગાલેન્ડ, (૭) એલીઝાબેથ ડો/ઓ ઝામ્બેમો લોથા યાનથાન, ઉ.વ.૪૩, દિમાપુર, નાગાલેન્ડ, (૮) અલોટોલી ડો/ઓ કિયેવી ઝુકસેવી અસુમી, ઉ.વ.૩૦, રહે. ઝુનહેબોટો, નાગાલેન્ડ, (૯) સેમાહોલી ડો/ઓફ કિયેવી ઝુકસેવી અસુમી, ઉ.વ.૩૦, નાગાલેન્ડ,(૧૦) રોઝી ડો/ઓ કિયેવી ઝુકસેવી અસુમી, ઉ.વ.૨૯, ઝુનહેબોટો, નાગાલેન્ડ વગેરેને ઝડપી લેવામાં આવેલ છે. તેમજ આરોપીઓ પાસેથી લેપટોપ, કિંમત રૂા.૩૫૦૦૦/-, આઈપેડ નંગ-૨ કિંમત રૂા.૧,૮૦,૦૦૦/-, મોબાઈલ ફોન નંગ -૧૦, કિંમત રૂા.૨,૯૦,૦૦૦/-, રાઉટર નંગ-૭, કિંમત રૂા.૩૫૦૦૦/- ઈલેકટ્રીક બોર્ડ નંગ-૫ કિંમત રૂા.૫૦૦, હેડ ફોન નંગ-૩ કિંમત રૂા.૧૫૦૦/-, ડાયરી નંગ -૨, રોકડ રૂા.૩,૦૮,૦૦૦/-, આધાર કાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, બેન્કના એટીએમ કાર્ડ, ભાડા કરાર વિગેરે સાહિત્ય મળી કુલ રૂા.૮,૫૦,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય પાંચ આરોપીઓને પકડવાના બાકી છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. જે.જે. પટેલ અને પો.સ.ઈ. જે.જે.ગઢવી, ડી.કે.ઝાલા તથા એ.એસ.આઈ વિક્રમભાઈ ચાવડા, પુંજાભાઈ ભારાઈ, સામતભાઈ બારીયા, નિકુલ પટેલ, વિજયભાઈ બડવા તથા પો. હેડ કોન્સ. યશપાલસંહ જાડેજા, જયદિપભાઈ કોરીયા, આઝાદસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, જીતેષ મારૂ તથા પો. કોન્સ. સાહિલ સમા, પો.કોન્સ. ભરતભાઈ સોલંકી, પો.કોન્સ. દિપકભાઈ બડવા, વનરાજભાઈ ચાવડા વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

### સ્વચ્છતા હી સંદેશ અભિયાનનો સુરસુરીયું

# ગરવા ગિરનાર પર્વતીય વિસ્તારમાં ઠેર-ઠેર કચરા અને પ્લાટીકના ઢગલા




જૂનાગઢ તા. ૧૩

હાલ જૂનાગઢ સહિત રાજયભરમાં ગાંધી જયંતિના દિવસથી 'સ્વચ્છતા હી સંદેશ' નો કાર્યક્રમ પુરજોશથી ચાલી રહયો છે. જયાં-ત્યાં સરકારી તંત્ર કે સામાજીક સંસ્થાઓ હાથમાં સાવરણા લઈ અને જાણે આખા ગુજરાતને સ્વચ્છ કરી નાખવાની હામ ભીડી હોય તેવું લાગે છે. પરંતુ જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્ર કે જે તિર્થોની નગરી કહેવાય છે અને જયાં જગત જનની માં અંબાજીના મંદિરે પદયાત્રીઓ અને ભાવિકો પગપાળા જતા હોય છે. આ જંગલી વિસ્તારમાં ગિરનાર પર્વતની સીડી પાસે જ વનવિભાગ દ્વારા એક બોર્ડ મુકવામાં આવ્યું છે. જેમાં જંગલમાં પ્લાસ્ટીકનો કચરો જયાં-ત્યાં ફેંકવો નહીં, તે દર્શાવતા બોર્ડની જાણે કાંઈ વેલ્યુ ન હોય તેવું લાગી રહયું છે. પ્રસ્તુત તસ્વીરમાં એકતરફ વનવિભાગનો આ બોર્ડ અહીં આવનારા લોકોને, ભાવિકોને પ્લાસ્ટીકનો કચરો ન નાખવા માટે સુચનાઓ જારી કરે છે પરંતુ એની આસપાસ જ પ્લાસ્ટીકના કચરાના ઢગ ખડકાયા છે. ત્યારે એક વાનર આ લખાણ દર્શાવતા બોર્ડ ઉપર હાથ રાખી પોતાની વેદના દર્શાવતું હોય તેવું દ્રશ્ય જૂનાગઢના યુવા પર્યાવરણ વિદ અલ્ફેઝ ભટ્ટીની નજરે પડતા પોતાના મોબાઈલમાં તેની તસ્વીર ઝડપી હતી. અને સોશ્યલ મિડીયામાં પોસ્ટ કરી પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવો તથા જંગલી જાનવરને ખોરાક ન ખવડાવવો તેવી અપીલ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, જૂનાગઢ ખાતે આવનારા પ્રવાસીઓ, ભાવિકો અને મુલાકાતીઓ આ શહેરના વિવિધ સ્થળની મુલાકાત લે છે તેમજ પ્રકૃતિનો જયાં અનેરો ખજાનો પડયો છે અને જયાં અનેક તિર્થો આવેલા છે તેવા ધર્મસ્થાનોની પણ મુલાકાત લેવા માટે ગિરનાર પર્વતની સીડીઓ ચડતા હોય છે. અને આ દરમ્યાન પોતાની પાસે રહેલી ખાદ્ય સામગ્રી કે ખાદ્ય વસ્તુના પડીકા જેમ તેમ જયાં-ત્યાં નાખી દેતા હોય છે. આવા સંજોગોમાં અહીં કચરો ન થાય તો બીજું શું થાય? તેવો સવાલ પણ ઉઠવા પામેલ છે. એકતરફ સ્વચ્છતાનો નારો લગાવવામાં આવી રહયો છે તો બીજીતરફ આ પર્વતીય હારમાળા વચ્ચે ગિરનારની સીડીની આજુબાજુની જગ્યામાં પ્લાસ્ટીકના કચરાનાં ભારે ગંજ ખડકાયા છે. ત્યારે આ વિસ્તાર એટલે કે જંગલ વિસ્તાર વનવિભાગના અંડરમાં આવે છે ત્યારે જૂનાગઢ સંબંધીત વનવિભાગ દ્વારા પ્લાસ્ટીકનો કચરો ન ફેંકવાની સુચના આપતા બોર્ડ લગાવવાથી કંઈ વળવાનું નથી પરંતુ તે અંગે નકકર કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠવા પામી છે.

# સોમનાથના ભાલકા ગામમાં કારીગરો નવરાત્રીમાં માટીના ગરબાની માંગને પહોંચી વળવા પરીશ્રમ છેલ્લી ઘડી સુધી કરે છે



વેરાવળ તા. ૧૩

સોમનાથ પાસેના ભાલકામાં આમ તો માત્ર ત્રણથી ચાર જ પ્રજાપતિ સમાજના કુટુંબો રહે છે. જેઓ વંશ પરંપરાગત નવરાત્રીના માટીના ગરબા બનાવે છે. ૬૪ વર્ષીય ધાના ભાણા જેઠવા કહે છે હું નાનપણથી જ આ કામમાં જોડાયો છું અને પહેલા હું હાથથી ચાલતા ચાકડા ઉપર ગરબા કોડીયા, કુંડા, ચપલા બનાવતો પણ હવે હું ઈલેકટ્રીક મોટરના ચાકડાની ઉપર ગરબા બનાવું છું. અગાઉના વર્ષોમાં ૧૫૦૦થી ૨૦૦૦ ગરબા બનાવતા પણ હવે ધાતુના તૈયાર ગરબા મળતા હોય, ૧૦૦૦ જેટલા ગરબા તો બનાવી વેરાવળ-ભીડીયા અને બાજુના ગામડાઓની ફુટપાથ બજાર ઉપર વેંચવા માટે પરિવારને મોકલી દીધા છે. ભાલકામાં વર્ષાબેન ધીરૂભાઈ જેઠવા કહે છે કે અમારા પરિવારે બનાવેલા માટીના ગરબાઓને કલર કામ કરી, અરીસા જેવા આભલા લગાડીને કે ટુઈ-લેશથી ગરબાને અમો સજાવટ કરીએ છીએ. અને તેના ઉપર કોનથી ચિત્ર કાઢીએ છીએ. ગરબાની ત્રણ સાઈઝ હોય છે. મોટી, મધ્યમ અને નાની. એક દિવસમાં નાના ૧૦૦ ગરબા અને મોટા ૫૦ ગરબા સોનેરી રંગ ઝીકઝાકથી સજાવટ કરી શકીએ.

ભાલકાના જ દામજી કરશન ચિત્રોડા કહે છે કે પહેલાના જમાનામાં માટી મફત મળતી હતી. હવે તો તેના યે પૈસા દેવા પડે છે. આ માટીને પલાળી પોચી કરી તેમાં ભુસું, લાકડાનો વ્હેર, રાખ અને ચાળેલી માટીમાં મિશ્રણ કરી ગરબા બનાવીએ છીએ. હું હજીયે હાથ-લાકડીથી ચાલતો ચાકડો વાપરૂં છું. જાણકારો કહે છે કે, હવે વંશપરંપરાગત વ્યવસાયીઓએ ધંધો બદલ્યો છે. માટી ખુંદનારનો વેશવાળ, સગપણની પણ મુશ્કેલી પડે છે. મોટાભાગના લોકો શહેર ભણી દોટ મુકી ચુકયા છે અને બીજા જવા તૈયાર છે અને આમ ઝાઝી મહેનતે ઓછું અને અનિશ્ચીત વળતર જીંદગી મુશ્કેલ બની છે.

# શનીવારે સર્વ પિતૃ અમાસ તથા શનિવારી અમાસ અને ગજછાયા યોગ

ભાદરવા વદ અમાસને શનીવાર તારીખ ૧૪.૧૦.૨૦૨૩ના દિવસે સર્વપિતૃ અમાસ છે. આ દિવસે અમાસ અને પૂનમ નું શ્રાદ્ધ છે. તથા જેની મૃત્યુ તિથી ખબર ન હોય તેનું પણ શ્રાદ્ધ આ દિવસે કરવામાં આવે છે અથવા તો જે લોકોને કોઈપણ કારણો સર શ્રાદ્ધ કરવાનું રહી ગયેલ હોય તો શનિવારે અમાસના દિવસે શ્રાદ્ધ કરી શકે છે. આ દિવસે ગજછાયા યોગ પણ પિતૃઓ ને મોક્ષ ગતિ આપવા માટે ઉતમ છે.

શનીવારે અમાસ ના દિવસે પિતૃ તર્પણ પિંડદાન વિધિ કરાવી ઉત્તમ ફળદાયક માનવામાં આવે છે અને પિતૃ ઓ ને મોક્ષ ગતિ આપે છે. તથા આ દિવસે એક લોટા માં થોડુ દૂધ પાણી અને કાળા તલ ઉમેરી અને પીપળે રેડવું જોઈએ પાણી રેડતા સમયે ઓમ વિષ્ણવે નમઃ જય કરવા જોઈએ તથા પીપળાની ૧૧ ..૨૧ અથવા ૧૦૮ પ્રદક્ષિણા ફરવી પ્રદક્ષિણા ફરતી વખતે ઓમ નમો ભગવતે વાસુદેવાય અથવા ઓમ વિષ્ણવે નમઃ ના જાપ કરવા જોઈએ અને ત્યારબાદ પીપળા સામે ભગવાનને પ્રાર્થના કરવી કે મારા સર્વે પિતૃઓને મોક્ષ ગતિ મળે આ દિવસે બ્રાહ્મણો ને ભોજન દાન દક્ષિણ આપવી પિતૃ ઓ મોક્ષ ગતિ આપનાર છે આ દિવસે પીપળાના વૃક્ષ નીચે બેસી અને વિષ્ણુ સહસ્ત્રનામ ના પાઠ કરવા પણ શુભ ફળદાયક છે.

શનિવારે અમાસ હોવાથી આ દિવસે હનુમાનજીની પૂજા શનિદેવની પૂજા અને જે લોકોને શનિની નાની-મોટી પનોતી ચાલે છે. મકર કુંભ અને મીન રાશી ના જાતકોને મોટી પનોતી ચાલે છે. તથા કર્ક તથા વૃશ્ચિક રાશિના જાતકોને નાની પનોતી ચાલે છે. આથી આ રાશિના લોકોએ ખાસ કરીને પનોતી માંથી પનોતી માંથી રાહત મેળવવા માટે મેળવવા માટે શનિદેવની ઉપાસના કરવી શનિ કવચના પાઠ કરવા હનુમાન ચાલીસા ના પાઠ કરવા શનિદેવ તથા હનુમાનજીની પૂજા કરવી આ દિવસે ઉત્તમ ફળ આપનાર બનશે તે ઉપરાંત આ દિવસે અડદ અગર પગરખ એટલે કે ચંપલ સ્ટીલ ની વસ્તુ બ્લુ કલરનું કાપડ કલરનું કાપડ આ બધુ દાન દેવુ ઉત્તમ ફળ આપનાર બનશે.

-- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# સોમનાથ પંથકમાં નવરાત્રીમાં છેલ્લા દશ વર્ષથી જજ તરીકે સેવા આપતા જાગૃતિ જીમુલીયા



વેરાવળ તા. ૧૩

સોમનાથ સાંનિધ્યે નવરાત્રી આગમનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચુકયું છે. ચાલો, ત્યારે મળીએ સોમનાથ પંથકના પ્રભાસ પાટણના નવરાત્રી અને રાસ-ગરબાના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં છેલ્લા દશ વર્ષથી જજ તરીકે સેવા આપતા જાગૃતિ હિરેન જીમુલીયા શું કહે છે.

નવરાત્રીના રાસ-ગરબામાં જજ તરીકે અમો જે નિર્ણય લઈએ છીએ તેમાં ગરબાને લગતો સંપુર્ણ પહેરવેશ, સ્ટાઈલ અને સ્ટાઈલમાં વેરાઈટી, રમવાની ક્ષમતા અને લાંબા સમય સુધી થાક ન લાગવો અને પહેલેથી છેલ્લે સુધી એનર્જી જળવાઈ રહે છે કે નહીં તેને ૫ હેરેલા નવરાત્રી આભુષણો તથા રમવા સાથે ગાવું આ બધુ જોવાય છે. જાગૃતિબેન વધુમાં કહે છે કે, નવરાત્રીના રાસ-ગરબા મ્યુઝીક કે નરવા સુરને સથવારે લેવાતા હોય છે. જે સમુહમાં વર્તુળાકારે લેવાતા હોય છે તેની સાથે રમવા સાથે ગાવાની નોંધ પણ લેવાય છે. અને જે અંતે ક્રમ નંબર ૧, ૨ અને ૩ અપાય છે.

અમારે જ્ઞાતિવાઈઝ રાસ મહોત્સવ, વેલકમ અને બાય-બાય નવરાત્રી, દશેરા, શરદપૂર્ણિમા વગેરેમાં વિશેષ માંગ રહેતી હોય છે. નવી યુવા પેઢી અને તેની ગ્રાસ્પીંગ પાવર તથા લય, તાલ સાથે એટલી ટેલેન્ટેડ થઈ ગઈ છે કે કોઈકવાર તો અમારે નિર્ણય આપવો કસોટી થઈ પડે છે. કેટલીકવાર ઓડીયન્સ અને અમારો નિર્ણય ધારણા અલગ હોઈ શકે છે પરંતુ અમારે અમારા માપદંડને ન્યાય આપવાનો હોય છે. સીગીંગ અને ભરત નાટયમમાં નિપુણતા ધરાવતા તેઓ કહે છે કે, હવે દાંડીયારાસ લગભગ હોતા જ નથી. પણ તાળીરાસનું વિશેષ ચલણ છે જે ફ્રી સ્ટાઈલમાં રમી શકાય છે. જજ શું નિર્ણય અને કોને પહેલો નંબર આપશે તે ઉત્કંઠાથી પ્રતિક્ષા પરિણામની કરી રહયા હોય છે. તો જજ તરીકે નવા લોકો અમને બોલાવે ત્યારે અમારે ડેમો પણ આપવો પડે છે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું આયોજન

## રાજકોટ શહેરના ચાર ઝોનમાં આયોજિત નવરાત્રિ મહોત્સવમાં હજારો ખેલૈયાઓ મન મૂકીને ગરબે રમશે : શ્રી ખોડલધામના નેજા હેઠળ રાજ્યભરમાં ૩૦થી વધુ સ્થળે નવરાત્રિ મહોત્સવ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

આગામી તારીખ ૧૫ ઓક્ટોબરથી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વે સમાજના ભાઈઓ-બહેનો પારિવારિક માહોલમાં ગરબે રમીને આદ્યશક્તિની આરાધના કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરાયું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ શહેરના અલગ અલગ ચાર ઝોનમાં શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નવરાત્રિ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાન, લાઈટીંગ, બહેનોની સંપૂર્ણ સુરક્ષા અને પારિવારિક માહોલમાં આ નવરાત્રિ મહોત્સવ યોજાશે. તા.૧૫ ઓક્ટોબરથી ૨૪ ઓક્ટોબર સુધી યોજાનાર આ નવરાત્રિ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવનાર ગાયક કલાકારો રાસ-ગરબાની રમઝટ બોલાવી ખેલૈયાઓને ગરબે રમાડશે. ખોડલધામ નવરાત્રિ મહોત્સવની ટીમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેનો-દીકરીઓ-ભાઈઓ પારિવારિક માહોલમાં સુરક્ષિત રીતે ગરબે રમી શકે તે માટે સિક્યુરીટી, સીસીટીવી કેમેરા, વિશાળ પાર્કિંગ ઉપરાંત સ્વયંસેવકોની પણ મોટી સંખ્યામાં વ્યવસ્થા કરાઈ છે. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને મેડિકલ ઓફિસર તથા નર્સિંગ સ્ટાફ સાથે એમ્બ્યૂલન્સ પણ તૈનાત રાખવામાં આવશે. તેમજ મેડિકલ વોરિયર્સ તરીકે સ્વયંસેવકો જરૂર પડ્યે કઈપણ ઈમરજન્સી ઉભી થાય તેવા સંજોગોમાં સીપીઆર પદ્ધતિથી દર્દીને રાહત મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

**રાજકોટ નોર્થ ઝોન :** શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ નોર્થ ઝોન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. પરસાણા ચોક, સ્પીડવેલ પાર્ટી પ્લોટવાળો નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ, કણકોટ રોડ કોર્નર, રાજકોટ ખાતે નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સીંગર દેવ ભટ્ટ, અમી ગોસાઈ, જય દવે, મીલન ગોહીલ (પ્રસ્તુત ઓરકેસ્ટ્રા મેગા સ્ટાર), એન્કર મીરા દોશી મણીયાર અને બ્રધર્સ બીટ્સ (ચીના ઉસ્તાદ) જોડાશે અને રાસ-ગરબાની રમઝટ બોલાવશે. શ્રી ખોડલધામ નોર્થ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવની વધુ વિગત માટે મો.નં- ૯૭૨૨૨ ૦૨૨૨૨, ૯૦૯૯૯ ૯૯૯૯૫ ઉપર સંપર્ક સાધવો.

**રાજકોટ વેસ્ટ ઝોન :** શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ વેસ્ટ ઝોન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. અમૃત વાટીકા, સર્વોદય સ્કૂલની સામે, ૮૦ ફૂટ રોડ, રામધણ પાછળ, મવડી, રાજકોટ ખાતે વેસ્ટ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સીંગરમાર્ગી પટેલ, રાજેશ આહીર, શિવાલી ગોહેલ અને પ્રવિણ બારોટ અને એન્કર તરીકે આરજે જય જોડાશે અને રાસ-ગરબાની રમઝટ બોલાવશે. શ્રી ખોડલધામ વેસ્ટ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવની વધુ વિગત માટે મો. નં- ૯૭૩૭૦ ૯૯૩૩૩, ૯૯૭૮૭ ૬૦૮૬૦, ૯૯૯૮૮ ૮૧૬૦૧ ઉપર સંપર્ક સાધવો.


**રાજકોટ સાઉથ ઝોન :** શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ સાઉથ ઝોન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વ જ્ઞાતિની બહેનો માટે ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. શ્રી પી એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલ, ૮૦ ફૂટ રોડ, ભક્તિનગર સર્કલ પાસે સાઉથ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંસિંગર કાસમ બાગડવા, પૂર્ણિમા કુશારી, રોશની ઘાવરી, રવિ સાનિયા (રોયલ ઓરકેસ્ટ્રા), રીંકલ પટેલ (જય રામદેવ સાઉન્ડ) અને એન્કર નિરાલી લીંબાસીયા ખેલૈયાઓને ગરબે રમાડશે. સાઉથ ઝોન આયોજિત નવરાત્રિ મહોત્સવના પાસ મેળવવા માટે કોઠારીયા મેઈન રોડ, સિટી મોબાઈલની બાજુમાં, સરદાર વલ્લભભાઈ પટેલ સ્વિમિંગ પુલની સામે, રાજકોટ ખાતે મો. નં. ૮૨૦૦૨૦૬૬૯૭ ઉપર સંપર્ક કરવો.

**રાજકોટ ઈસ્ટ ઝોન :** દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોન દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ઈસ્ટ ઝોન દ્વારા કાર્તિક પાર્ટી પ્લોટ, ૮૦ ફૂટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે જાજરમાન આયોજન કરાયું છે. જેમાં સીંગર તરીકે નિરવ રાયચુરા, રમેશ હિરપરા, સરસ્વતી હિરપરા, કાલુ ઉસ્તાદ (બ્રધર બિટ્સ ઓરકેસ્ટ્રા) અને એન્કર ડોલી વસાણી ખેલૈયાઓને નવરાત્રિમાં ગરબે રમાડશે. વધુ માહિતી માટે મો.નં. ૮૪૬૦૨ ૨૬૫૩૦, ૭૬૦૦૬૬૮૮૮૮ ઉપર સંપર્ક કરવો.

રાજકોટ શહેર ઉપરાંત રાજ્યભરમાં ૩૦થી વધુ સ્થળે શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ, જામનગર, અમરેલી, ભાવનગર, ઉપલેટા, જેતપુર, ગોધરા, ટીંબા ગામ, અરવલ્લી, દામનગર, ધોરાજી, સાબરકાંઠા, ગોંડલ, સોમનાથ, તાલાલા, ઊના, ગીર ગઢડા, ધ્રોલ, લતીપુર, અંકલેશ્વર, કુંભરવાડી, જેડોલી, ગોઠીબ, રતનપુર, વાડોદર સહિતના સ્થળે ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નવરાત્રિ દરમ્યાન ખેલૈયાઓ ગરબે રમીને મા ખોડલની આરાધના કરશે.

# કદાવર પહોંચ ધરાવતા દબાણકર્તા સામે સ્થાનિક તંત્ર વામન સાબિત થયું હોવાનું ચિત્ર ઉપસ્યું





## દ્વારકા કોરીડોર પ્રોજેક્ટમાં જગત મંદિર આસપાસનાં વિરાટ દબાણ હટશે ?

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

દેવભૂમિ દ્વારકામાં જગત મંદિર આસપાસ કોરીડોર પ્રોજેક્ટની તૈયારી થઈ રહી છે. ત્યારે જગત મંદિર આસપાસનાં કથિત દબાણો ચર્ચિત બન્યા છે. જગત મંદિરને વધુ ભવ્યતા પ્રદાન કરવા તથા યાત્રીઓની સુવિધા માટે મંદિર આસપાસ કોરીડોર નિર્માણ કરવાનો મેગા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે જેને પગલે મંદિર આસપાસની દુકાનો અને કથિત દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવી પડે એમ છે. આ સંજોગોમાં જગત મંદિર આસપાસનાં કથિત દબાણો દૂર કેવી રીતે થશે એ ચર્ચાનો વિષય બન્યો છે.ઉલ્લેખનિય છે કે મંદિર આસપાસનાં કથિત વિરાટ દબાણો કદાવર પહોંચતા દબાણકર્તાનાં હોવાની ચર્ચા વચ્ચે આ દબાણો દૂર કરવામાં સ્થાનિક તંત્ર વામન પુરવાર થયું હોવાનું ચિત્ર ઉપસ્યું છે. જગત મંદિરનાં આસપાસનાં દબાણો દૂર કરવા સ્થાનિક તંત્ર દ્વારા જન્માષ્ટમી પૂર્વે પોલીસ બંદોબસ્ત સાથે મોટા ઉપાડે દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ વૃષભ રાશિના વિરાટ પહોંચ ધરાવતા શખ્સના એક પણ દબાણ દુર ના થયા જ્યારે નાના રેંકડી ધારકોની રેકડીઓ ડીટેઈન કરી પાલિકાએ સંતોષ માની લીધો હતો એવા સંજોગોમાં કોરીડોર પ્રોજેક્ટની કામગીરી કેવી રીતે આગળ વધશે? એ અંગે અટકળો થઈ રહી છે. દ્વારકાનાં મેગા પ્રોજેક્ટ કોરીડોર યાત્રાધામને નવી ઓળખ અને ગરિમા મળશે ત્યારે આ પ્રોજેક્ટ માટે અડચણરૂપ કથિત દબાણો દૂર કરવાની કાર્યવાહી ઉપર સૌની મીટ મંડાયેલી છે.

**"વૃષભ" રાશીના વિરાટ દબાણકર્તાને "મીન" રાશીના વેવાઈ છાવરે છે**

દ્વારકાના જગતમંદિર વિસ્તારમાં "વૃષભ" રાશિનો શખ્સ વીસ થી વધુ દુકાનો રાખી મંદિરના મોક્ષ દ્વાર, સ્વર્ગ દ્વાર અને સુદામા સેતુ રોડ ઉપર તોતિંગ દબાણો તથા પથારાઓ પાથરીને સરકારી જગ્યાનો દુરૂપયોગ કરી મહિને લાખોની કમાણી કરતા તત્વના "મીન" રાશીના તેમના વેવાઈ રાજકીય વગ ધરાવતા હોય જેમના લીધે અધિકારી સાથે સેટિંગ પાડી દીધાનું જાહેરમાં ચર્ચાય રહ્યું હોય જેમના લીધે તેમનું દબાણ યથાવત રાખતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

# ખંભાળિયામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા નવરાત્રી મેળો ખુલ્લો મુકાયોઃ આજે પૂર્ણાહૂતિ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

ગ્રામ્ય કક્ષાએ મહિલાઓમાં રહેલી આંતરિક શક્તિને ઉજાગર કરી, આર્થિક બાબતે આત્મનિર્ભર બને અને પોતાના પગભર ઉભા થઈ જુદા જુદા વ્યવસાયથી રોજગારી મેળવતા થાય તે માટે બહેનોને સંગઠિત કરીને તેમના સ્વસહાય જૂથો બનાવી, તેમને તાલીમ ક્ષમતાવર્ધન અને માર્કેટિંગ સહકાર પૂરો પાડવા સમગ્ર દેશમાં દિન દયાલ અંત્યોદય યોજના હેઠળ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અમલીકરણ હેઠળ છે.વર્ષમાં શ્રાવણ માસથી વિવિધ તહેવારોની શરૂઆત થાય છે. ત્યારે નવરાત્રી પર્વને અનુલક્ષમાં ચણીયા-ચોલી, ઈમિટેશન, જવેલરી, દાંડીયા, કુર્તી, ગરબા, દીવડા જેવી નવરાત્રીને અનુરૂપ ચીજ-વસ્તુઓના વેચાણ અર્થે નવરાત્રી મેળાનું આયોજન દેવભૂમિ દ્વારકા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ખંભાળિયામાં આવેલા યોગ કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે. આ નવરાત્રી મેળો શુક્રવાર તારીખ ૧૪ સુધી યોજાયો છે.

ગ્રામ્ય અને શહેરી કક્ષાએ સ્વ-સહાય જૂથના બહેનો દ્વારા ઉત્પાદિત તેમજ વેચવામાં આવતી વિવિધવસ્તુઓનું વેચાણ બહેનો દ્વારા કરવામાં આવનાર છે.

આ મેળો સવારે ૧૦થી રાત્રે ૮ સુધી ખુલ્લો રહેશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.જે. જાડેજા દ્વારા નગરજનોને મેળાની મુલાકાત લેવા અપીલ કરવામાં આવે છે.

# ભાણવડ ખાતે કિશોરી મેળો યોજાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

ગુજરાત સરકારની થીમ ‘‘સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત’’ હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ ‘‘સશક્ત કિશોરી, સુપોષિત ગુજરાત’’ ની થીમ આધારીત કિશોરી મેળાનો કાર્યક્રમ તારીખ ૧૧ થી ૧૩ ઓક્ટોબર સુધી યોજવામાં આવ્યા હતા. જે ‘કિશોરી મેળા’ અંતર્ગત ‘આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ’ની ઉજવણી ભાણવડ ખાતે કરવામાં આવી હતી. આ કિશોરી મેળામાં કિશોરીઓ અને મહિલાઓને સખી, સહસખી તથા કિશોરીઓ દ્વારા શિક્ષણ, નોકરીઓની તકો,



કૌશલ્ય વર્ધનના વિવિધ વિષયો, કિશોરીઓના આરોગ્યને લગત વિવિધ યોજનાઓની માહિતી અને એનિમિયાના નિરાકરણ માટે પગલા, કિશોરીના પોષણ અને પોષણ વાટીકા બનાવવા, સ્વ-બચાવની તાલીમ, કિશોરીઓ તથા બાળકોના હક અને કાયદાની માહિતી, ‘‘ગુડ ટચ બેડ ટચ’’ જાતીય શોષણ અંગેની સમજ, મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અંતમા બેટી બચાઓ બેટી પઢાઓની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.આ મેળામાં વિવિધ વિભાગના સ્ટોલનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સરકારી બેંક અને પોસ્ટ ઓફિસ, ગૃહ વિભાગ તથા કાનૂની સેવા સત્તા મંડળ, શ્રમ રોજગાર વિભાગ, સમાજ સુરક્ષા, શિક્ષણ વિભાગ વિગેરેના સ્ટોલ રાખવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ, કારોબારી સમિતિ ચેરમેન, અગ્રણી શક્તિસિંહ જાડેજા, ભાણવડ નગરપાલીકાના પ્રમુખ, પ્રોગ્રામ ઓફિસર, આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત, મહિલા અને બાળ અધિકારી કચેરીના તમામ પ્રકલ્પો, સી.ડી.પી.ઓ કચેરી વિગેરે સાથે કિશોરીઓ અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# જે.સી.આઈ ઈન્ડિયાના ઝોન-૭નુ વાર્ષિક સંમેલન





(પ્રતિનિધી દ્વારા)

જામનગર તા.૧૩

જામનગર તાજેતરમાં ૧૮ થી ૪૦ વર્ષની વયના યુવાનો માટે કાર્યરત સંસ્થા જેસીઆઈ કલોલ ના યજમાન પદે લોર્ડ્સ વિશાલ ઈન સાસણ ગીર ખાતે વર્ષ ૨૦૨૩ની ઝોન કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.આ કોન્ફરન્સમાં ઉદ્ઘાટક તરીકે ઝોન પ્રમુખ જેસી જીમિલ હેબતપુરિયા મુખ્ય મહેમાન તરીકે ડો. પ્રશાંતભાઈ કોરાટ પ્રેસીડેન્ટ ઓફ ભારતીય જનતા યુવા મોર્ચા, મુખ્ય વક્તા તરીકે જે એફ એસ સંજય માંકડ અતિથી વિશેષ પદે જેસી ભરત પટેલ, જેસીઆઇ ઈન્ડિયાના પ્રતિનિધિ તરીકે જે એફ એસ લક્ષ્મણ શર્મા, ઝોન ૮ના ઝોન પ્રેસિડેન્ટ જેસી અનંત ભરૂચા, કોન્ફરન્સ કન્સલ્ટન્ટ જેસી સતીશ કોયાની, કોન્ફરન્સ ડિરેક્ટર જેસી અવધેશ ગુપ્તા ખાસ ઉપસ્થિત રહેલ. આ કોન્ફરન્સમાં ગુજરાત અલગ અલગ શહેરોમાંથી અંદાજે ૩૦૦ જેટલા મેમ્બર્સ એ ભાગ લીધેલ. જેમાં જામનગરમાંથી જેસી આઈ જામનગરના પ્રેસીડેન્ટ જેસી જીજ્ઞેશ ચાંગણી તેમજ આઈપીપી/ ઝોન વાઈસ પ્રેસિડેન્ટ જે એફ એમ કુણાલ સોનીના નેતૃત્વ હેઠળ ૯ જેટલા સભ્યોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. બે દિવસીય આ કોન્ફરન્સમાં જેસીઆઈ જામનગરને સમગ્ર વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓ માટે ઝોન પ્રમુખ જેસી જીમીલ હેબતપુરીયા દ્વારા ૬ એવોર્ડ્સ તથા રેકગ્નેશન થી સન્માનિત કરવામાં આવેલ આ કોન્ફરન્સ દરમ્યાન મુખ્યત્વે અવોર્ડસ જેમાં આઉટ સ્ટેન્ડિંગ લોકલ પ્રોગ્રામ ઓફ ધ ઝોન, આઉટ સ્ટેન્ડિંગ ગ્રોથ એન્ડ ડેવલોપમેન્ટ ઓફ ધ ઝોન નાં વિનર એવોર્ડસ તેમજ કોન્ફરસ મા એક્ટિવિટી દરમ્યાન બેસ્ટ ફોટો કોન્ટેસ્ટ તથા બેસ્ટ પ્રેસ કવરેજ, e.p.s મા જે.જે. જીલ ચાંગણી ને એવોર્ડ પ્રાપ્ત થયેલ.આ ઝોન કોન્ફરન્સ માં પ્રેસીડેન્ટ જેસી જીજ્ઞેશ ચાંગણી, જેસી ખીલન, જેસી ભાવેશ,જેસી મોહિત, જેસી જતીન, જેસી યજ્ઞેશ, જેસી પ્રદિપ, જે.જે જીલ તેમજ જેસીઆઈ જામનગર ના પ્રથમ ઝોન પ્રેસિડેન્ટ/ પાસ્ટ પ્રેસીડેન્ટસ જેસી હિતુલ કારિયા, IPZP જે.સી. સમીર જાની ઝોન વાઈસ પ્રેસિડેન્ટ જે એફ એમ કુણાલ સોની એ હાજરી આપી તેમજ જે સી આઈ જામનગર ના પાસ્ટ પ્રેસીડેન્ટસ જેસિ મનિષ રાઈઠઠા, જેસી હેમાંશુ જેઠવા અને તમામ પાસ્ટ પ્રેસિડેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવીને જેસીઆઈ જામનગર ના મેમ્બર્સનો ઝોનકોન દરમ્યાન ઉત્સાહ વધારેલ.

# ખંભાળિયા : નવરાત્રીના તહેવારોમાં વિજ વિક્ષેપ ન થાય તે માટે તંત્ર સમક્ષ રજૂઆત




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં રવિવાર તા.૧૫મીથી આદ્યશક્તિની ઉપાસનાના પર્વ એવા નવરાત્રીનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. હિન્દુઓના પવિત્ર પર્વ નવરાત્રીમાં ખાસ કરીને બહેનો - દીકરીઓ ગરબા રમવા તેમજ માતાજીની સ્તુતિ કરવા માટે જાય છે. આ દિવસોમાં કોઈ કારણોસર વિજ વિક્ષેપ ન સર્જાય અને વિજકાપના લીધે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ખંભાળિયાના પીજીવીસીએલ નાયબ ઈજનેર પી.બી. પંડ્યાને અહીંના સેવાભાવી કાર્યકર અને શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે.

# જામકંડોરણા આઈટીઆઈ ખાતે દીક્ષાંત સમારોહ યોજાયો





(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૩

જામકંડોરણા આઈટીઆઇ ખાતે કૌશલ દિક્ષાંત સમારોહ(કોનવોકેશન) મામલતદાર સાંગાણીનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. જામકંડોરણા આઈ.ટી.આઈ.માં અનેકવિધ કોર્ષ ચાલુ છે. જેમાં ગયા વર્ષમાં અલગ-અલગ ટ્રેડમાં તાલીમ લીધેલ તાલીમાર્થીઓમાં જે તાલીમાર્થી પ્રથમ બીજા અને ત્રીજા ક્રમાંકે આવેલા હોય તેને સર્ટીફીકેટ અને સન્માન પત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. આઈ.ટી.આઈનાં પ્રિન્સિપાલ બી.ડી.મોઢાએ મહેમાનોનું શબ્દો અને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ફોરમેન ડી.એમ. પરમારએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. મામતદાર સાંગાણીએ અધ્યક્ષ સ્થાનેથી તાલીમાર્થીઓને પ્રાસંગિક માર્ગદર્શન આપ્યું હતું. કે.એસ. જાડેજાએ મહાનુભાવોને હાજરી આપવા બદલ આભાર વ્યકત કરી કાર્યક્રમની આભાર વિધિ કરી હતી. કાર્યક્રમ જામકંડોરણાનાં નાયબ ઈજનેર ગાવિત, જામકંડોરણા સરપંચ ભગવાનજીભાઈ બગડા વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમનું સંચાલન વી.પી.દેસાઈએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર આઈ. ટી.આઇ.નાં કર્મચારીઓએ ભારે જેહમત ઉઠાવી હતી.



# ઓખા મુસ્લિમ સમાજનું ગૌરવ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

ઓખા નગરપાલિકા પૂર્વ પ્રમુખ મામદભાઈ સમેજાની પુત્રી તહેરીમ સમેજાએ સ્વામીનારાયણ ગુરૂકુલ જામનગરમાં ફિઝીયોથેરાપી અભ્યાસક્રમનાં છેલ્લા વર્ષમાં ૭૫.૨૩% સાથે ઉતીર્ણ થઈ ગુરૂકુલમાં પ્રથમ ક્રમ તથા સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દ્વીતીય ક્રમ સાથે ડોક્ટરની ડિગ્રી મેળવી સમેજા પરીવાર તથા સમગ્ર ઓખા પંથકનું ગૌરવ વધાર્યું છે.

# કાયદાને ઘોળીને પી જનારા પાર્ટી પ્લોટનાં માલિકો સામે કાર્યવાહી કરવામાં મનપાને કોની શરમ નડે છે ?

## આધુનિક ડાંડીયારાસના આયોજકો દ્વારા મોં માંગ્યું ભાડું આપી પાર્ટી પ્લોટોમાં રાસ-ગરબાના થઈ રહ્યા છે આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં પાર્ટી પ્લોટો આવેલા છે. શ્રીમંત વર્ગને માટે આ પાર્ટી પ્લોટો આર્શીવાદરૂપ બની જતા હોય છે. લગ્નપ્રસંગ કે અન્ય કોઈ પ્રસંગે આ પાર્ટી પ્લોટોમાં ઉજવણીનું આયોજન થતું હોય છે અને પાર્ટી પ્લોટ ધારકો રૂા.૧ લાખથી વધુની રકમ આયોજકો પાસેથી લેતા હોય છે અને પાર્ટી પ્લોટ ભાડે રાખનારા કહેવાતા નબીરાઓ મોંઘા ભાવનું ભાડું પણ હસતા મુખે આપી દેતા હોય છે. હાલ તહેવારોના સમયગાળામાં સૌથી મોટો તહેવાર એવો નવરાત્રી મહોત્સવ આંગણે આવી રહ્યો છે ત્યારે પ્રાચીન-અર્વાચીન ડાંડીયારાસ અને રાસોત્સવનું આયોજન થયું છે. જૂનાગઢ શહેરમાં જ જુદા-જુદા સ્થળે આવેલા પાર્ટી પ્લોટોને ભાડે રાખી લેવામાં આવેલ છે. આ પાર્ટી પ્લોટની કાયદેસરતા કેટલી છે તે અંગે ભાડા રાખનારને કોઈ માહિતી નથી અથવા તો આવી માહિતી મેળવવામાં તેમને કોઈ રસ નથી તેમ કહી શકાય અને એમને તો બસ પોતાનું આયોજન ભવ્ય રીતે અને શ્રેષ્ઠ રીતે યોજાય તેમાં રસ છે અને જેને કારણે કેટલાક ગેરકાયદેસર રીતે ધમધમી રહેલા પાર્ટી પ્લોટના ધારકોને ઘી-કેળા થયા છે અને તેઓ તો આ તહેવારોનો લાભ ઉઠાવી અને ફાવેતેમ મોં માગ્યું ભાડું વસુલી રહ્યા હોવાનું ચર્ચાઈ છે. વિશેષમાં જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર રીતે અનેક પાર્ટી પ્લોટો ધમધમી રહ્યા છે અને આવા પાર્ટી પ્લોટો બિનખેતી થયેલ નથી. બાંધકામની મંજુરી મેળવેલ નથી અને ફાયર સેફટી પણ ધરાવતા નથી તેવી ચોંકવનારી વિગતો બહાર આવી છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર બાંધકામો અને વોકળાઓ ઉપરના દબાણોનો મુદ્દો જોરશોરથી ગાજી ઉઠયો છે ત્યારે મનપા તંત્રએ થોડા દિવસો પહેલા ૯૯ જેટલી નોટિસો ઈશ્યુ કરી હતી. આ ઉપરાંત ૨૬ જેટલા પાર્ટી પ્લોટે પણ નોટિસો આપી હતી. આ નોટિસો આપ્યા બાદ મનપા તંત્રએ તેની સામે કેવી કામગીરી કરી છે તે અંગેની કોઈ વિગતો બહાર આવી નથી. મનપાએ જે ૨૬ ધારકોને નોટિસો ફટકારી હતી તેની યાદી અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે. ૧. યમુનાવાડી, ઝાંઝરડા રોડ, મનસુખભાઈ કાનજીભાઈ અકબરી, ૨. નિલકંઠ ફાર્મ, ઝાંઝરડા ચોકડી, જસુભાઈ વઘાસીયા, ૩. વેસ્ટર્ન પાર્ટી પ્લોટ, ઝાંઝરડા રોડ ચોકડી, વિજયભાઈ, ૪. સત્યમ પાર્ટી પ્લોટ, ઝાંઝરડા ચોકડી, પરેશભાઈ ડોબરીયા, ૫. વૃંદાવન ફાર્મ, ડી-માર્ટ સામે, ઝાંઝરડા રોડ, ભરતભાઈ ધોરાજીયા, ૬. શ્રીજી ફાર્મ, ડી-માર્ટ સામે, ઝાંઝરડા ચોકડી, મનસુખભાઈ નરસીભાઈ ડોબરીયા, ૭. બજરંગ વાડી, ડી-માર્ટ સામે, ઝાંઝરડા ચોકડી, રાજેન્દ્રભાઈ ડોંગા, ૮. મધુવન ફાર્મ, દેવ સ્કૂલ સામે, બાયપાસ રોડ, સુનિલભાઈ ગોપાલભાઈ પાનસુરીયા, ૯. દેશી પકવાન, દેવ સ્કૂલ સામે, બાયપાસ રોડ, કેશુભાઈ પાનસુરીયા, ૧૦. ગોલ્ડન ફાર્મ, ખલીલપુર ચોકડી, જોષીપરા, કાંતીભાઈ નારણભાઈ બરવાડીયા, ૧૧. કૈલાસ પાર્ટી પ્લોટ, ખલીલપુર રોડ, જોષીપરા, મગનભાઈ સાવલીયા, ૧૨. અવસર ફાર્મ, ખલીલપુર રોડ, જોષીપરા, મનિષભાઈ માળી, ૧૩. એલીગન ફાર્મ, ગલીયાવાડા રોડ, ખામધ્રોળ ચોકડી, રમેશભાઈ ખાત્રા, ૧૪. ફળદુવાડી, ગ્રિનસીટીની બાજુમાં, ચોબારી રોડ, શ્રી જૂનાગઢ ઉમિયા પરિવાર ટ્રસ્ટ, ૧૫. ક્રિષ્ના ફાર્મ, ગ્રિનસીટીની બાજુમાં, ચોબારી રોડ, મનોજભાઈ બોરખતરીયા, ૧૬. શિવમ પાર્ટી પ્લોટ, બસ સ્ટેન્ડ પાછળ, પરેશભાઈ ડોબરીયા, ૧૭. માંગલ્ય પાર્ટી પ્લોટ, ફાયર સ્ટેશનની બાજુમાં, નીરૂબેન ભરતભાઈ કાંબલીયા, ૧૮. ગાર્ડન કાફે, ફાયર સ્ટેશનની સામે, સરોજબેન જાદવ, ૧૯. ધાર્મિક પાર્ટી પ્લોટ, ગાયત્રી મંદિર સામે, જયદેવભાઈ આર. જોષી, ૨૦. પ્રકૃતિ ધામ, ભવનાથ વિસ્તાર, ગોપાલભાઈ રાખોલીયા, ૨૧. અવસર ફાર્મ, વાડલા ફાટક, મયુરભાઈ, ૨૨. સોરઠ પાર્ટી પ્લોટ, વાડલા ફાટક, કપિલભાઈ, ૨૩. એસેલ પાર્ક, સક્કરબાગ સામે, કરશનભાઈ ધડુક, ૨૪. બજરંગ ફાર્મ, ચોબારી ફાટક પાસે, જાડેજા લક્ષ્મણભાઈ માલદેભાઈ, ૨૫. એસેલ પાર્ક સક્કરબાગ સામે, કરશનભાઈ ધડુક અને ૨૬. ખોડલધામ, ખલીલપુર રોડ, જોષીપરા, ગિરીશભાઈ મોહનભાઈ રાખોલીયા વિગેરેનો સમાવેશ થાય છે. નોટિસ અપાયા બાદ ૭ દિવસથી લઈ ૩૦ દિવસમાં જરૂરી આધારપુરાવા રજુ કરવા તાકીદ કરવામાં આવતી હોય છે. જો આવા આધારપુરાવા રજુ ન કરે તો કાર્યવાહી કરવામાં આવતી હોય છે પરંતુ કોણ જાણે કેમ આ કિસ્સામાં શું ગુંચ પડી ગઈ તે અંગેની કોઈ માહિતી કે કાર્યવાહી જોવા મળતી નથી તેવું આધારભુત સુત્રોમાં ચર્ચાય છે.

# જૂનાગઢમાં ઉછીના રૂપિયા બાબતે મહિલા સહિત ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના તળાવ દરવાજા વિસ્તારમાં રહેતા એક મહિલાના પતિનું નામ વટાવી રૂપિયા ઉછીના લઈ રૂપિયા ન આપતા એક મહિલા સહિત ૪ વિરૂધ્ધ હુમલો કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

આ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી કોમલબેન શૈલેષભાઈ બાટવીયાએ મુળુભાઈ ભારાઈ રહે.સરગવાડા, દેવાભાઈ કટારા રહે.ખામધ્રોળ, યોગેશભાઈ વરીયા કુંભાર રહે.જોષીપરા શાંતેશ્વર, ભાવનાબેન નરેન્દ્રભાઈ ચાવડા આહીર રહે.ઉપલેટાવાળાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા ફરીયાદીના પતિના ઓળખીતા અભય સોમાણીએ મુળુભાઈ ભારાઈ તથા દેવાભાઈ કટારા, જયદીશ ચાવડા પાસેથી ફરીયાદીના પતિનું નામ વચ્ચે રાખી મોટી રકમ લીધેલ હોય, જે રૂપીયા અભય સોમાણીએ સામેવાળાઓને ન આપતા બધા આરોપીઓઓ ફરીયાદીના ઘરે આવી પૈસા બાબતે તારા પતી સાથે વાતચીત કરવી છે તેમ કહી આરોપી ભાવનાબોન તથા દેવાભાઈ કટારા પહેલા ઘરમાં ઘુસીને જોર જોરથી રાડો નાખીને ફરીયાદીને જેમફાવે તેમ ભુંડી ગાળો બોલી ફરીયાદીનો ઢીકાપાટુનો મારમારેલ અને આ કામના સાહેદ ફરીયાદીની દિકરી વચ્ચે પડતા આરોપી ભાવનાબેને સાહેદ પ્રીયાંશીબેનને પણ ધક્કો મારેલ તેમજ સાથેના અન્ય આરોપીઓ મુળુભાઈ ભારાઈ તથા યોગેશભાઈ વરીયાએ પણ ઘરમાં આવી ભુંડી ગાળો બોલતા ફરીયાદીનો બીક લાગતા ફરીયાદીએ ફીનાઈલ પી જતા બધા આરોપી ઘરની બહાર જતા જતા ફરીયાદીને તથા તેના પતિને મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ બી ડીવીઝન પીએસઆઈ કે.કે.મારૂએ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ક્રીકેટ મેચ ઉપર રમાતા જુગાર અંગે દરોડા

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના જોષીપરા પ્રફુલ ચોક નજીક રોડ ઉપર ક્રીકેટ મેચ ઉપર હારજીતનો જુગાર રમાડતાના બનાવ અંગે એકની ધરપકડ કરવામાં આવી છે. જયારે અન્ય એક ક્રીકેટ મેચ ઉપરનો જુગાર પણ ઝડપી લેવામાં આવે છે.

આ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર બી ડીવિજન પોલીસ સ્ટેશનના મુકેશભાઈ મગનભાઈ આ કામના આરોપી ભાર્ગવ રજનીભાઈ માંડલીયા (ઉ.વ.૨૮) રહે.છાંયાબજાર કાળા પાણાની સીડી પાસે, શ્રી શ્યામ એપાર્ટમેન્ટ બ્લોક નં.૪૦૬ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના આરોપીએ જાહેરમાં પોતાના મોબાઈલ ફોન પર બી એકસચેન્જ-૯ નામની આઈડી દ્વારા વર્લ્ડ કપની ઓસ્ટ્રેલીયા તથા સાઉથ આફ્રીકાની મેચમાં રનફેર ભાવ તથા સેસનના સોદા કરી હારજીતનો જુગાર રમતી રોકડ સહિત કુલ ૧૪૩૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવિજન થાણે કાર્યવાહી કરવામાં આવી છે. જયારે અન્ય બનાવમાં નવા નાગરવાડા હેડકવાર્ટરવાળી શેરી, દાસારામ એપાર્ટમેન્ટની પાસે જાહેરમાં જુગાર રમતા દિપક હસમુખભાઈ જાગાણી (ઉ.વ.૪૦) રહે.વણજારી ચોકી, નવા નાગરવાડા, શેરી નં.૪, બ્લોક નં.૧૦૨વાળાને જાહેરમાં ઓસ્ટ્રેલીયા સાઉથઆફ્રીકાની મેચ ઉપર બ્લો૭૭૭ નામની આઈડી દ્વારા જુગાર રમતા પાંચ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન થાણે કાર્યવાહી કરવામાં આવી છે.


ૐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન
કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# ભેંસાણ ખાતે ભાણેજો દ્વારા મામાની હત્યા પ્રકરણમાં આરોપીને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ભેંસાણ પોલીસ સ્ટેશન કાર્યક્ષેત્ર હેઠળ આવતા ભેસાણ ટાઉનમાં રહેતા જમાલભાઈ કાળુભાઈ પબડા જાતે મુસ્લીમ(ઉ.વ.૩૦) રહે.ભેંસાણ વાળાનો મૃતદેહ ભેસાણ ટાઉનમાં ઉબેણ નદીના ચેકડેમમાંથી મળી આવેલ અને તેને માથાના હોઠના ભાગે તથા કાનમાં ઈજા હોય અને લોહી નીકળેલ હોય આ બાબત ભેસાણ પો.સ્ટે.અ.મોત નં.૨૪/૨૦૨૩ સી.આર.પી.સી.ક. ૧૭૪ મુજબની અ.મોત તા.૭-૧૦-૨૩ ના ક.૧૦/૪૫ વાગ્યે દાખલ થયેલ અને તપાસ હાથ ધરવામાં આવી હતી. બાદ જૂનાગઢ રેન્જના પોલીસ મહાનીરીક્ષક નિલેશ જાંજડીયા તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચનાઓ તેમજ નાયબ પોલીસ અધિક્ષક જૂનાગઢનાઓ હિતેષ ધાંધલ્યાના તથા સી.પી.આઈ. જૂનાગઢનાઓ આર.એમ. વસાવાનાઓ સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ શંકાસ્પદ મૃત્યું અંગે ઉડાણ પુર્વક તપાસ કરી સત્ય હકીકત બહાર લાવવા માટે સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને સદરહું બનાવ બાબતે ખાનગી વિશ્વાસુ બાતમીદારો તેમજ પોલીસ હીતેચ્છુ વ્યકિતઓ હયુમન તેમજ ટેકનીકલ સોર્સથી મદદથી બાતમી મળેલ કે મરણ જનારના ભાણેજો (૧) અફઝલભાઈ ઉર્ફે ટાઈગર ઈકબાલભાઈ ઓઠા જાતે-મુસ્લીમ(ઉ.વ.૧૯) ધંધો-મજુરી રહે.જૂનાગઢ સીવીલ હોસ્પીટલ પાસે ખાટકીવાળા મુળ-ભેંસાણ તા.ભેંસાણ જી.જૂનાગઢ તથા (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરને મરણ જનાર સાથે બોલાચાલી ઝગડો થયેલ હોય અને આ બંનેએ મરણ જનારને મારીને પાણીમાં નાખી દીધેલ છે જે અંગે મરણ જનરના પત્ની નસીમાબેનએ ઉપરોક્ત બંને વીરૂધ્ધ ફરીયાદ આપેલ જે ભેસાણ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૭૨૩૦૪૯૨/૨૩ આઈ.પી.સી. ક.૩૦૨,૧૧૪ મુજબ રજી કરી જેથી અફઝલની યુક્તી પ્રયુકતિથી તેમજ ભરોસો આપી વિશ્વાસમા લઈ પુછપરછ ભાંગી પડેલ અને જણાવેલ કે તેના મામા જમાલભાઈ તેની સાથે તથા તેના પરીવાર સાથે અવાર નવાર ઝગડો કરતા હોય તથા બનાવના દીવસે પણ ઝગડો કરેલ હોય જેથી તેનાથી કંટાળી તેનાભાઈ બંન્ને મળીને તેના મામા જમાલભાઈને નદીના ચેકડેમ ઉપર લઈ જઈ અને તેની સાથે મારા મારી કરી ઈજાઓ પહોચાડી અને પાણીમાં ડુંબાડી મારી નાખેલ હોવાની હકીકત જણાવેલ અને સદરહુ હત્યાના બનાવનો ભેદ ભેસાણ પોલીસને પોતાની કુનેહ અને કુશળતાપુર્વક ઉકેલી કાઢવામા સફળતા મળેલ અને બાદ આરોપીઓને ગણતરીની કલાકોમાં ગુન્હાના કામે અટક કરવામા આવેલ છે આગળની તપાસ ડી.કે.સરવૈયા પોલીસ સબ ઈન્સપેકટર ભેંસાણ પો.સ્ટે.નાઓ ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં રહેણાંક મકાનમાંથી રૂા.૩.૨૫ લાખનાં મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૩

એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી ઈકબાલભાઈ દાદાભાઈ ઠેબા રહે.સુખનાથ ચોક, તાર બંગલા નજીક જૂનાગઢવાળાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવેલ છે કે, આ કામના અજાણ્યા આરોપીએ તા.૧૧ના રોજ સવારે ૪-૩૦ વાગ્યાથી ૧ વાગ્યા દરમ્યાન ફરીયાદીના મકાનમાં બેડરૂમની બારીના લોખંડના સરીયો કોઈપણ રીતે તોડી આ બારી વાટે ઘરમાં પ્રવેશ કરી બેડરૂમમાં રાખેલ કબાટના દરવાજા તોડી રોકડ રૂા.૨,૭૫,૦૦૦, સોનાની બુટી સહિત કુલ ૩,૨૫૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



